# જુલાઈ

# ૨૦૨૩

# PART - 1

Most IMP
Current Affairs

www.crackgpsc.com

Crack GPSC

# સ્પેશ્યલ ઓફર

ઓફર લિમિટેડ સમય સુધી જ

# સરકારી નોકરીની તૈયારી કરો છો?



## 50% OFF

## તમામ વિડિયો કોર્સ પર

**Apply કૂપન કોડ : CrackGPSC50**

- પ્લેસ્ટોર પરથી **Crack GPSC** એપ ડાઉનલોડ કરો.
- **Video Courses** પર ક્લિક કરી **પસંદગીના કોર્સ** પર ક્લિક કરો.
- **Buy now** પર ક્લિક કરી **Coupon Code** દાખલ કરો.
- **APPLY** પર ક્લિક કરો.
- આપના કોર્સ પર **50% ડિસ્કાઉન્ટ** તરત જ મળી જશે.

/ CrackGPSCapp

/ crackgpsc

/ CrackGPSCexam

જો કોઈ મુશ્કેલી અનુભવાય તો
હેલ્પલાઈન નંબર પર call/whatsapp કરો.

**7990832358**

Crack GPSC

# અમારાં મહત્વનાં પુસ્તકો - આજે જ વસાવો




ડાઉનલોડ કરો ગુજરાતની નં. 1 એપ

**CRACK GPSC**

**UPSC - GPSC - PI - PSI - RFO**

**Dy. SO/નાયબ મામ. | કલર્ક | તલાટી | કોન્સ્ટેબલ**

TAT | TET | HTAT

**એક એપ, બધી પરીક્ષાઓ**



**ઓર્ડર કરવા Crack GPSC એપમાં BOOKS વિભાગ વિઝિટ કરો. એમેઝોન પર પણ ઉપલબ્ધ.**

# (*) 1 જુલાઈ - 2023 (*)

## (*) બ્રહ્માંડમાં ગુરુત્વાકર્ષણના તરંગોના અવાજની શોધ.

=> ભારતના સાત વૈજ્ઞાનિકો સહિતની ખગોળવિદોની એક ટીમે પ્રથમવાર ગુરુત્વાકર્ષણ તરંગોની અવાજ બાબતે માહિતી મેળવી.

=> વિશ્વના સૌથી વધુ સંવેદનશીલ રેડિયો દૂરબીનમાંનું એક પુણેમાં આવેલ મેટ્રોવેવ રેડિયો ટેલિસ્કોપે આ તરંગો બાબતે માહિતી આપવામાં સૌથી અગત્યનો ફાળો આપ્યો.

=> આ માહિતીથી ગુરુત્વીય તરંગોની ઉત્પત્તિ થતા તેના પ્રભાવ બાબતે તથા બ્લેક હોલની ઘટના બાબતે માહિતી મેળવી શકાશે.

## (*) વિશ્વ બેંકના અધ્યક્ષ અજય બંગા 'ગ્રેટ ઈમિગ્રન્ટ્સ'ની યાદીમાં સામેલ.

=> સંયુક્ત રાષ્ટ્ર અમેરિકા અને તેના લોકતંત્રમાં મહત્વપૂર્ણ યોગદાન આપનાર વ્યક્તિઓને કાર્નેગી કોર્પોરેશન દ્વારા આપવામાં આવે છે.

=> આ વર્ષે આ યાદીમાં સ્થાન પામનાર અજય બંગા એકમાત્ર ભારતીય છે.

=> વિશ્વ બેંકનું નેતૃત્વ કરનાર બંગા પ્રથમ ભારતીય-અમેરિકી છે જેઓ અગાઉ જનરલ એટલાન્ટિકમાં ઉપાધ્યક્ષ હતા.

=> કાર્નેગી કોર્પોરેશને વર્ષ 2023માં 33 દેશોના 35 વ્યક્તિઓને આ યાદીમાં સ્થાન આપ્યું છે.

=> ગ્રેટ ઈમિગ્રન્ટ્સ પહેલ એન્ડ્રયુ કાર્નેગીની વિરાસતને અપાતી શ્રદ્ધાંજલિ છે જેઓ અમેરિકાના સ્કોટિશ પ્રવાસી હતા.

## ✱ 'દિવ્ય કલા મેળો' - જયપુર.

=> દિવ્યાંગજન સશક્તિકરણ વિભાગ, જયપુર-રાજસ્થાન ખાતે છઠ્ઠો દિવ્ય કલા મેળાનું આયોજન થશે.

=> આ આયોજન દેશના દિવ્યાંગ ઉદ્યોગી કારીગરોના ઉત્પાદન અને શિલ્પ કૌશલ્યને પ્રદર્શિત કરવા માટે આયોજિત થાય છે. જેનું ઉદ્ઘાટન સામાજિક ન્યાય અને અધિકારિતા મંત્રી વિરેન્દ્ર કુમારે કર્યું.

=> જયપુરમાં આયોજિત આ મેળાની શરૂઆત 2022માં થઈ હતી. જેમાં અગાઉના પાંચ મેળાઓ.
① દિલ્હી - ② મુંબઈ - ③ ભોપાલ - ④ ગુવાહાટી - ⑤ ઈન્દોર ખાતે આયોજિત થયા હતા.

=> ૨૦ રાજ્યો/કે.પ્રદેશોના કારીગરો ગૃહ ઉદ્યોગ, કપડાં, સ્ટેશનરી અને પર્યાવરણ અનુકૂળ ઉત્પાદન, ખાદ્ય પદાર્થ, જૈવિક ઉત્પાદન, રમકડાં, આભૂષણો તથા ક્લચ બેગના ઉત્પાદનો સાથે ભાગ લેશે.

=> વર્ષ 2023-24 દરમિયાન આ કાર્યક્રમ ભારતના 12 શહેરોમાં આયોજિત થશે.

Current Affairs By C.H.Shingala GPSC

## ✱ વિશ્વ લઘુગ્રહ (ક્ષુદ્રગ્રહ) દિવસ - 30 જૂન

=> 30 જૂન, 1908માં થયેલ સાઈબેરિયાઈ તુંગુસ્કા ઘટનાની યાદમાં લઘુગ્રહોના પ્રભાવિત ખતરા બાબતે જાગૃતતા લાવવા અને સાઈબેરિયાઈ ઘટનાના ઈતિહાસને દર્શાવવા આ દિવસ મનાવાય છે.

=> ડિસે. ૨૦૧૬માં સંયુક્ત રાષ્ટ્રએ પોતાના પ્રસ્તાવમાં આ દિવસની ઘોષણા કરી હતી.

=> લઘુગ્રહએ સૂર્યની આસપાસ ફરતી નાની ચટ્ટાન જેવી રચનાઓ છે જે મંગળ અને ગુરૂની વચ્ચે સૂર્ય ફરતે પ્રદક્ષિણા કર છે.

=> ૧૮૦૧માં જ્યુસેપ પિયાજીએ પહેલો લઘુગ્રહ સેરેસ શોધ્યો હતો.

## * ભારતના મહત્વપૂર્ણ ખનિજો પરની પ્રથમ રિપોર્ટ.

⇒ ખાણ મંત્રાલય દ્વારા ગઠિત સમિતિએ આપેલો આ રિપોર્ટ કેન્દ્રીય ખાણ મંત્રી પ્રહલાદ જોશીએ જાહેર કર્યો.

⇒ આ રિપોર્ટ ભારતમાં પ્રથમવાર મહત્વપૂર્ણ ખનિજોની વ્યાપક સૂચી આપે છે.

⇒ રિપોર્ટમાં રક્ષા, કૃષિ, ઊર્જા, ફાર્માસ્યુટિકલ તથા સંચાર ક્ષેત્રે આવશ્યક 30 મહત્વપૂર્ણ ખનિજોની યાદી આપવામાં આવી છે.

⇒ ભારત મહત્વપૂર્ણ ખનિજ આપૂર્તિ શૃંખલાઓનું સમર્થન કરતી ખનિજ સુરક્ષા ભાગીદારી (MSP) ના નવા ભાગીદાર બન્યા છે.

### • ખનિજ સુરક્ષા ભાગીદારી (MSP) •

⇒ અમેરિકાએ મહત્વપૂર્ણ ખનિજ આપૂર્તિ શૃંખલાઓને મજબૂત કરવા માટે જૂન 2022માં MSPની જાહેરાત કરી જેને 11 સભ્ય ધરાવતા ખનિજ ગઠબંધનના જૂથ તરીકે પણ ઓળખવામાં આવે છે.

⇒ આ જૂથ મુખ્યત્વે કોબાલ્ટ, નિકલ, લિથિયમ અને 17 જરૂરી દુર્લભ ખનિજો બાબતે ધ્યાન કેન્દ્રિત કરે છે.

⇒ સભ્યો - ઓસ્ટ્રેલિયા, કેનેડા, ફિનલેન્ડ, ફ્રાંસ, જર્મની, જાપાન, કોરિયા, સ્વીડન, યૂનાઈટેડ કિંગડમ, સંયુક્ત રાજ્ય અમેરિકા અને યુરોપીય સંઘ.

→ હવે ભારત પણ MSP ના સમર્થન સાથે તેનું સભ્ય બન્યું.

## * કેનરા બેંકે Rupay ક્રેડિટ કાર્ડથી UPI પેમેન્ટ શરૂ કર્યું.

⇒ કેનરા બેંક ભારતીય રાષ્ટ્રીય ભુગતાન નિગમ (NPCI) સાથે મળીને 'કેનરા AI1' બેંકિંગ સુપર એપ ના માધ્યમથી Rupay ક્રેડિટ કાર્ડથી UPI પેમેન્ટ શરૂ કરનાર પ્રથમ ભારતની સાર્વજનિક બેંક બની.

⇒ Rupay ક્રેડિટ કાર્ડ વ્યક્તિથી વ્યક્તિ, કાર્ડ-ટૂ-કાર્ડ અથવા કેશ-આઉટ લેવડદેવડ સુવિધા આપતું નથી.

Current Affairs By C.H Shingala GPSC

## [*] 'રિપોર્ટ ફિશ ડિસીઝ' એપ.

⇒ જલીય પશુઓના રોગના નિવારણ માટે કેન્દ્રીય મંત્રી પુરૂષોત્તમ રૂપાલાએ આ એપ લોન્ચ કરી.

⇒ આ એપ મત્સ્ય ખેડૂતો તથા ક્ષેત્રીય અધિકારીઓને માછલીના સ્વાસ્થ્ય બાબતેની માહિતી માટે એકબીજાને જોડવાનું મંચ પૂરૂ પાડશે.

⇒ આ એપ ICAR- નેશનલ બ્યૂરો ઓફ ફિશ જીનેટિક રિસોર્સિસ (NBFGR), લખનઉ દ્વારા વિકસિત કરવામાં આવી છે. જે ખેડૂતોને માછલીઓમાં આવતા વિવિધ રોગો બાબતે માહિતગાર કરવામાં આવશે.

## [*] 'વન ટેપ- વન ટ્રી' અભિયાન-ઉત્તર પ્રદેશ.

⇒ ઉત્તર પ્રદેશ સરકારે ગ્રામીણ ક્ષેત્રોમાં પીવાના પાણીની નળથી વ્યવસ્થા સાથે રાજ્યમાં હરિત વિસ્તારનું વિસ્તરણ કરવા આ અભિયાન શરૂ કર્યું.

⇒ આ અભિયાન નમામી ગંગે કાર્યક્રમ અને રાજ્ય સરકારના ગ્રામીણ જલ આપૂર્તિ વિભાગ દ્વારા લોન્ચ કરવામાં આવ્યું છે.

⇒ અભિયાન હેઠળ 1 થી 7 જુલાઈ દરમિયાન રાજ્યમાં 5 લાખ વૃક્ષો વાવવાનો ઉદ્દેશ્ય રખાયો છે.

⇒ આ વૃક્ષો નળ કનેક્શન પ્રાપ્ત કરનાર પરિવારોના ઘર બહાર, ઓવરહેડ ટેન્ક, પંપ હાઉસ જેવાં સ્થળોએ વાવવામાં આવશે.

Current Affairs By C.H.Bhingala

સરકારી નોકરીની તૈયારી માટે
76000 51070
ડાઉનલોડ કરો ગુજરાતની નં.1 એપ
CRACK GPSC
• અનુભવી અને સફળ ફેકલ્ટીઝ સાથે ઓછા સમયમાં સચોટ તૈયારી એટલે Crack GPSC

## [*] 2 જુલાઈ - 2023 [*]

**[*] સાર્વજનિક ક્ષેત્રની બેંકોને મહિલા સન્માન બચત પ્રમાણપત્ર, 2023 લાગૂ કરવાની અનુમતિ આપી.**

=> આ યોજના તમામ સાર્વજનિક બેંકો તથા પોસ્ટ ઓફિસોમાં લાગૂ કરવાની અનુમતિ આપી.

=> આ યોજના 31 માર્ચ, 2025 અથવા તેના આગાઉના બે વર્ષ માટેના રોકાણ માટે લાગૂ થશે.

=> યોજના અંતર્ગત ઓછામાં ઓછા રૂ. 1000 અને 100ના ગુણાંક- માં કોઈ પણ રકમ વધુમાં વધુ 2 લાખ સુધીનું રોકાણ કરી શકાશે.

=> યોજના અંતર્ગત વ્યાજદર 7.5% પ્રતિવર્ષ છે અને તેને દર ત્રણ માસે સંયોજિત કરવામાં આવશે. આથી લગભગ પ્રભાવી દર 7.7% જેવો થશે.

=> ખાતાધારક આ યોજનામાં જમા રાશિના વધુમાં વધુ 40% સુધીનો ઉપાડ મેળવી શકે છે.

Crack GPSC Current Affairs By C.H.Shingala

**[*] ટોમેટો ગ્રેન્ડ ચેલેન્જ (TGC) હેકથોન.**

=> ટમેટાની ઉપલબ્ધતા અને ઉચિત મૂલ્ય નિર્ધારણ માટે નવીન વિચારસરણી ઉત્પન્ન કરવા કેન્દ્ર સરકારે આ હેકથોન- ની જાહેરાત કરી.

=> તાજેતરમાં વધેલા ટમેટાના ભાવોને ધ્યાને રાખતા તેના પર નિયંત્રણ લાવવા આ હેકથોનમાં વિવિધ ક્ષેત્રો જેવાં કે વિદ્યાર્થીઓ, ઉદ્યોગપતિઓ, MSME, LLP, ભારતીય સ્ટાર્ટઅપ્સ પોતાના વિચારો પ્રગટ કરશે.

• ટમેટાનું ઉત્પાદન •

=> ભારતના દક્ષિણ-પશ્ચિમ ભાગમાં 56-58% જેટલું ટમેટાનું ઉત્પાદન થાય છે.

=> ટમેટાંની લણણીનો સમય ડિસેમ્બરથી ફેબ્રુઆરી સુધીનો સામાન્ય રીતે જોવા મળે છે.

=> મુખ્ય રાજ્યો = મહારાષ્ટ્ર, બિહાર, કર્ણાટક, ઉત્તરપ્રદેશ, ઓડીશા, આંધ્રપ્રદેશ, મધ્યપ્રદેશ, આસામ.

## * આંતરરાષ્ટ્રીય સંસદવાદ દિવસ - 30 જૂન

⇒ 30 જૂન, 1889ના આંતર-સંસદીય સંઘ (IUP)ની સ્થાપના-ની ઉજવણીમાં પ્રતિવર્ષ આ દિવસ ઉજવાય છે.

⇒ પ્રથમવાર આ દિવસ 1899માં મનાવાયો હતો.

⇒ આધિકારિક રીતે 2018માં UN મહાસભાએ આ દિવસ જાહેર કર્યો હતો.

⇒ વર્ષ 2023ની થીમ - 'પાર્લિયામેન્ટ્સ ફોર ધ પ્લેનેટ'

⇒ આંતરરાષ્ટ્રીય સંસદીય સંઘનું મુખ્યાલય જિનેવા, સ્વિત્ઝર-લેન્ડમાં છે. જેના અધ્યક્ષ - દુઆર્ટે પચેકો છે.

## * UPના 7 ઉત્પાદનોનો GI Tagમાં સમાવેશ થયો.

⇒ અમરોહા ઢોલક, મહોબા ગૌરા પથ્થરની હસ્તશિલ્પ, મૈનપુરી તારકશી, હોર્ન ક્રાફ્ટ, બાગપત હોમ ફર્નિશિંગ્સ, બારાબંકી હેન્ડલૂમ પ્રોડક્ટ્સ, કાલપી હેન્ડમેડ પેપર.

① અમરોહા ઢોલક:- આંબા, સાગના લાકડામાંથી બનતું વાદ્ય. જેમાં બકરીના ચામડીનો વધુ પડતો ઉપયોગ કરવામાં આવે છે.

② મહોબા હસ્તશિલ્પ:- સફેદ રંગના પથ્થરમાંથી નિર્મિત શિલ્પ સ્થાપત્ય.

③ હોર્ન ક્રાફ્ટ:- સંભલ હોર્ન ક્રાફ્ટ મૃત જાનવરોના અંગોમાંથી બનાવાય છે.

④ બાગપત હોમ ફર્નિશિંગ્સ:- સુતરના દોરાથી બનાવવામાં આવતું હેન્ડલૂમ પ્રકારની હસ્તકલા.

⑤ કાલપી હેન્ડમેડ પેપર:- કાલપી એ હસ્તનિર્મિત કાગળ નિર્માણનું કેન્દ્ર હતું. જેને 1940ના દશકમાં ગાંધીવાદી મુન્નાલાલ 'ખદરીએ' શરૂ કર્યું હતું.

⑥ તારકશી:- લાકડા પર પિત્તળના તાર જોડીને બને જેનો ઉપયોગ ખડૌસ (લાકડાના સેન્ડલ)માં થાય.

[*] તમામ ઉત્પાદનો માટે પાતળી પ્લાસ્ટિક બેગ પર પ્રતિબંધ મુકનાર પ્રથમ દેશ - ન્યૂઝીલેન્ડ

⇒ આ પ્રતિબંધ પ્લાસ્ટિક સ્ટ્રો અને સિલ્વરવેયરને પણ લાગૂ પડશે.

⇒ ન્યૂઝીલેન્ડ સરકારે 2019માં સિંગલ યુઝ પ્લાસ્ટિકના વિરુદ્ધમાં અભિયાન શરૂ કર્યું તેના વિસ્તરણના ભાગરૂપે આ પ્રતિબંધ મુકવામાં આવ્યો છે.

⇒ સરકારે 2019માં ગ્રાહકો દ્વારા ઉપયોગમાં લેવાતા મોટા પ્લાસ્ટિકના બેગ કે જે કરિયાણા જેવી વસ્તુ લઈ જવા વપરાતા તેના પર પ્રતિબંધ મૂક્યો હતો.

⇒ ભારત સરકારે 2016માં સિંગલ યુઝ પ્લાસ્ટિક પર પ્રતિબંધ મૂક્યો હતો.

Current Affairs By

[*] નીરજ ચોપડાએ લુસાને ડાયમંડ લીગમાં જીત મેળવી.

⇒ ઓલિમ્પિક ચેમ્પિયન નીરજ ચોપડાએ 87.66 મીટરના થ્રો સાથે આ જીત મેળવી. અગાઉ 2023માં જ તેણે દોહા ડાયમંડ લીગમાં પણ જીત મેળવી હતી.

⇒ જર્મનના જૂલિયન વેબર 87.03 મીટરના ભાલાફેંક સાથે આ લીગમાં બીજા સ્થાને રહ્યા. અને ચેક ગણરાજ્યના જૈકબ વાડલેચ 86.13 મીટર સાથે ત્રીજા સ્થાને રહ્યા.

⇒ હવે નીરજ ચોપડા સપ્ટેમ્બરમાં અમેરિકાના યુજીનમાં ડાયમંડ લીગની ગ્રાન્ડ ફાયનલમાં ભાગ લેશે.

## (*) ભારતે એશિયાઈ કબડ્ડી ચેમ્પિયનશિપમાં જીત મેળવી.

=> ભારતીય પુરુષ કબડ્ડી ટીમે એશિયાઈ ચેમ્પિયનશિપમાં ઈરાનને હરાવી 42-32 થી જીત મેળવી.

=> આ ભારતની આઠમી એશિયાઈ કબડ્ડી ચેમ્પિયનશિપની જીત છે.

=> વર્ષ 2023માં આ ચેમ્પિયનશિપ દક્ષિણ કોરિયામાં આયોજિત થઈ હતી.

=> પ્રથમવાર આ મેચ ૧૯૮૦માં ભારતના કોલકાતામાં આયોજિત થઈ હતી.

## (*) રાષ્ટ્રીય સિકલસેલ એનિમિયા નાબૂદી અભિયાન.

=> પ્રધાનમંત્રી નરેન્દ્રમોદીએ મધ્યપ્રદેશના શહડોલ જિલ્લા ખાતેથી આ અભિયાનની શરૂઆત કરી.

=> પ્રધાનમંત્રી આ કાર્યક્રમ અંતર્ગત લાભાર્થીઓને સિકલ સેલ જીનેટિક

=> રાષ્ટ્રીય સિકલ સેલ એનિમિયા નાબૂદી અભિયાનનો મુખ્ય ઉદ્દેશ્ય વિશેષ રૂપથી આદિવાસી જનસંખ્યાઓમાં આ બાબતે જાગૃતતા લાવવાનો છે.

=> કેન્દ્ર સરકાર વર્ષ 2047 સુધીમાં આ સમગ્ર અભિયાનને ~~[illegible]~~ ધ્યાને રાખી એનિમિયા નાબૂદીનો લક્ષ્યાંક ધરાવે છે.

=> હાલ આ મિશન ગુજરાત સહિતના 17 રાજ્યોનાં ૨૭૮ જિલ્લામાં લાગૂ કરાયું છે.

=> સિકલસેલ એનિમિયા એ હીમોગ્લોબીન 'ડ' નામક જિનેટિક બિમારીમાં છે જે શરીરમાં રૂધિર ભ્રમણને અસર પહોંચાડે છે.

Current Affairs By C.H.Shingala

## [*] 3 જુલાઈ - 2023 [*]

### [*] ધમ્મચક્ર પ્રવર્તન દિવસ - અષાઢ સુદ પૂનમ

⇒ ભારત સરકારના સંસ્કૃતિ મંત્રાલયે આંતરરાષ્ટ્રીય બૌદ્ધ પરિસંઘની સહાયથી રાષ્ટ્રીય સંગ્રહાલય, જનપથ નવી દિલ્હી ખાતે આ દિવસ ઉજવ્યો.

⇒ આ દિવસ બુદ્ધ પૂર્ણિમા અને વૈશાખ પૂર્ણિમા બાદ બૌદ્ધ ધર્મમાં અત્યંત મહત્વ ધરાવે છે.

⇒ લુંબિની-નેપાલ ખાતે આ દિવસે 'ઈન્ડિયા ઈન્ટરનેશનલ સેન્ટર ફોર બૌદ્ધ કલ્ચર એન્ડ હેરિટેજ' પ્રોજેક્ટ પ્રસારિત કરાયા.

⇒ ભગવાન બુદ્ધે સારનાથ ખાતે પોતાનો પ્રથમ ઉપદેશ આપ્યો હતો અને આ ઘટનાને ધર્મચક્ર પ્રવર્તન કહેવાય છે.

⇒ અષાઢ સુદ પૂનમ બૌદ્ધ અને હિન્દુ ધર્મમાં ગુરુ પૂર્ણિમા તરીકે પણ મનાવાય છે.

Current Affairs By C.H.Shingala

### [*] અલ્લુરી સીતારામ રાજૂની 125 મી જન્મજયંતી - 4 જુલાઈ


⇒ રાષ્ટ્રપતિ દ્રૌપદી મુર્મૂ હૈદરાબાદમાં આયોજિત થનાર સ્વતંત્રતા સેનાની અલ્લુરી સીતારામ રાજૂની જન્મજયંતી સમારોહમાં ઉપસ્થિત રહેશે તથા ગાચીબોવલી ખાતે આયોજિત થનાર કાર્યક્રમની અધ્યક્ષતા કરશે.

⇒ પ્રધાનમંત્રી મોદીએ 4 જુલાઈ, 2022 ના રોજ સમગ્ર વર્ષ માટે આ જન્મજયંતી ઉજવણીની શરૂઆત સાથે સીતારામ રાજૂની 30 ફૂટની કાંસ્ય પ્રતિમાનું અનાવરણ કર્યું હતું.

⇒ સીતારામ રાજૂ આંધ્રપ્રદેશમાં આદિવાસી સમુદાયોના હિતોના રક્ષણ માટે અંગ્રેજો સામે લડ્યા હતા અને 1922માં રમ્પા વિદ્રોહની આગેવાની લીધી હતી.

⇒ સ્થાનિક લોકો તેમને 'મન્યમ વીરુડુ' (જંગલના નાયક) તરીકે ઓળખે છે.

# અમારાં મહત્વનાં પુસ્તકો - આજે જ વસાવો




ડાઉનલોડ કરો ગુજરાતની નં. 1 એપ

**CRACK GPSC**

**UPSC - GPSC - PI - PSI - RFO**

**Dy. SO/નાય. | ક્લર્ક | તલાટી | કોન્સ્ટેબલ**

TAT | TET | HTAT

**એક એપ, બધી પરીક્ષાઓ**



ઓર્ડર કરવા Crack GPSC એપમાં BOOKS વિભાગ વિઝિટ કરો. એમેઝોન પર પણ ઉપલબ્ધ.

## (*) 108માં ZSI (Zoological Survey of India) દિવસ.

=> મિશન લાઈફ પરના વિશેષ ફોકસ સાથે કેન્દ્રીય મંત્રી ભૂપેન્દ્ર યાદવે 108માં ZSI દિવસનું કોલકાતા ખાતે ઉદ્ઘાટન કર્યું.

=> કાર્યક્રમમાં કેન્દ્રીય પર્યાવરણ, વન અને જલવાયુ પરિવર્તન મંત્રી અશ્વિનીકુમાર ચૌબે હાજર રહ્યા તથા તેમણે 'સરોવર મિત્ર'ના રૂપમાં ગંગાના મેદાની વિસ્તારમાં આર્દ્રભૂમિના સંરક્ષણ બાબતે ધ્યાન કેન્દ્રીત કર્યું.

=> ZSI એ લાલ પાંડાની જનસંખ્યાના મૂલ્યાંકન માટે ભૂટાન સરકાર સાથે સમજૂતી કરી.

### ⊙ ZSI - ભારતીય પ્રાણી સર્વેક્ષણ ⊙

→ સ્થાપના - 1 જુલાઈ, 1916.
→ કાર્યક્ષેત્ર - પર્યાવરણ, વન અને જલવાયુ પરિવર્તન મંત્રાલય હેઠળ.
→ મુખ્યાલય - કોલકાતા ; અધ્યક્ષ - ડૉ. ધૃતી બેનર્જી

## (*) કેનેડાની વિદેશી કામદારો માટેની 'ડિજિટલ નોમાડ સ્ટ્રેટેજી'.

=> કેનેડાએ નોકરીની શોધમાં આવેલા વિદેશીઓ માટે આ યોજના અમલમાં મૂકી. જે અંતર્ગત વિદેશી કામદારોને 6 માસ સુધી કેનેડામાં રહેવાની મંજૂરી આપવામાં આવશે.

=> જો તેમને નોકરીની ઓફર મળે તો લાંબા સમય સુધી રહેવાની છૂટ અપાશે.

=> કેનેડા સરકાર ઈમિગ્રેશન સ્ટ્રીમ વિકસાવશે જે વિશ્વના સૌથી શક્તિશાળી લોકોને ટેક કંપનીઓ માટે કામ કરવાની મંજૂરી આપશે.

=> સરકાર 10,000 US H-1B વિઝા ધારકોને કેનેડામાં સ્થળાંતર થવા માટે અને વર્ક પરમિટ આપવા માટે પણ કાર્ય કરશે.

## [*] ચાર્ટર્ડ એકાઉન્ટન્ટ દિવસ- 1 જુલાઈ

⇒ ઈન્સ્ટિટ્યૂટ ઓફ ચાર્ટર્ડ એકાઉન્ટન્ટ્સ ઓફ ઈન્ડિયા (ICAI) ની સ્થાપનાને ચિહ્નિત કરવા માટે 1 જુલાઈએ આ દિવસ મનાવાય છે. જે CA ના સમાજમાં યોગદાનની સરાહનાનો ઉદ્દેશ્ય ધરાવે છે.

⇒ વર્ષ 2023માં 75મો સ્થાપના દિવસ ઉજવાયો જેની થીમ - 'નાણાકીય ક્ષમતાને સશક્ત બનાવવી' હતી.

⇒ ICAI ની રચના 1 જુલાઈ 1949 ના ચાર્ટર એકાઉન્ટ્સ અધિનિયમ 1949 હેઠળ થઈ.

⇒ આ સાથે 6ઠ્ઠો GST દિવસ પણ 2023ની 1 જુલાઈએ મનાવાયો જેની થીમ - 'સરળીકરણ અને આર્થિક વિકાસ'.

## [*] ભારતની પ્રથમ 'પોલીસ ડ્રોન યુનિટ'- ચેન્નઈ.

⇒ ગ્રેટર ચેન્નઈ સિટી પોલીસે વિશાળ ક્ષેત્રો પર હવાઈ નિરીક્ષણ અને અપરાધિક બાબતોની તાત્કાલિક માહિતી મેળવવા આ સિસ્ટમ લોન્ચ કરી.

Current Affairs By C.H.Shingala

⇒ આ યુનિટ માટે બે માળની ઈમારતમાં 20થી વધુ પ્રશિક્ષિત પોલીસ કર્મચારીઓ તૈનાત કરાશે.

⇒ આ યુનિટ AI નો ઉપયોગ કરી ગ્રાઉન્ડ સ્ટેશનથી 5-10 km ના વિસ્તારને સંચાલિત કરશે.

ડાઉનલોડ કરો ગુજરાતની નં. 1 એપ
CRACK GPSC
UPSC - GPSC - PI - PSI - RFO
Dy. SO/મામ. | કલર્ક | તલાટી | કોન્સ્ટેબલ
RFO | TAT | TET | HTAT

(*) 2022 માં ભારતે પશુ કેટલોગમાં નવી 664 પ્રજાતિઓ જોડી.

⇒ કેન્દ્રીય પર્યાવરણ, વન અને જળવાયુ પરિવર્તન મંત્રી ભૂપેન્દ્ર યાદવે કોલકાતા ખાતે નવી શોધાયેલી પ્રજાતિઓના રેકોર્ડનું વિવરણ કર્યું.

⇒ ભારતે 664 પશુ પ્રજાતિઓ સાથે 339 નવી વનસ્પતિના છોડને પણ જોડ્યા જેમાં 186 જેટલા વૈજ્ઞાનિક દૃષ્ટિકોણથી વિશેષતા ધરાવે છે.

⇒ સમગ્ર અહેવાલ ZSI દ્વારા 'પશુ ખોજ- નવી પ્રજાતિ અને નવા રેકોર્ડ- 2023' શિર્ષક હેઠળ આપ્યો.

⇒ નવી પ્રજાતિમાં સસ્તનધારી ત્રણ, પક્ષીઓની બે, સરીસૃપોની 30 તથા ઉભયજીવીની 6 અને માછલીઓની 28 પ્રજાતિઓ છે.

⇒ સૌથી વધુ કેરળમાં 14.6% જેટલી નવી પ્રજાતિઓ મળી આવી ત્યારબાદ તમિલનાડુ (12.6) અને પ. બંગાળ (7.6) નો સમાવેશ થાય છે.

Current Affairs By C.H.Shingala

(*) ડ્રીમ 11 ભારતીય રાષ્ટ્રીય ક્રિકેટ ટીમનું મુખ્ય સ્પોન્સર.

⇒ ફેન્ટસી ગેમિંગ ડ્રીમ 11 મુખ્ય સ્પોન્સર તરીકે ByJUS નું સ્થાન લેશે અને ત્રણ વર્ષ માટે સ્પોન્સર રહેશે.

⇒ હવે પછી રમાનાર વેસ્ટઈન્ડીઝ સામેની ટેસ્ટ સીરીઝમાં ડ્રીમ 11ની જાહેરાત સાથેની ટી-શર્ટ જોવા મળશે.

⇒ ડ્રીમ-11 :-

- તે ભારતીય ફેન્ટસી સ્પોર્ટ્સ કંપની છે.
- સ્થાપના- 2008 માં હર્ષ જૈન અને ભાવિત શેઠ.
- ભારતમાં 160 મિલિયન ઉપયોગકર્તા ધરાવે છે.

[*] 4 જુલાઈ - 2023 [*]

## [*] સમાન નાગરિક ધારો (Uniform Civil Code)

⇒ કર્મચારી, જાહેર ફરિયાદ, કાનૂન અને ન્યાય પર સંસદીય સ્થાયી સમિતિએ સમાન નાગરિક ધારા માટે **સુશીલ મોદીની** અધ્યક્ષતામાં બેઠક બોલાવી.

⇒ હાલ વિભિન્ન સમુદાયોના વ્યક્તિગત કાયદાઓ તેમના ધાર્મિક ગ્રંથોના અનુસાર ચાલે છે.

⇒ સમાન નાગરિક ધારો તમામ ધાર્મિક સમુદાયો માટે વિવાહ, છૂટાછેડા, સંપત્તિ, દત્તક વિધાન જેવી બાબતોમાં એકસમાનતા લાવવા માટે ઘડવાનો ઉદ્દેશ્ય છે.

⇒ કેન્દ્ર સરકાર તેના આગામી ચોમાસુ સત્રમાં UCC લાગુ કરવા માટેનું બીલ લાવ્યુ કરશે.

- Uniform Civil Code.

o UCC તમામ ધર્મ/સંપ્રદાયના લોકોને વિવાહ, છૂટાછેડા, સંપત્તિ, દત્તક વિધાન જેવી બાબતોમાં એક સમાન કાયદાકીય લાભ આપે છે.

Current Affairs By C.H.Shingala GCrack GPSC

o ભારતીય બંધારણના **અનુચ્છેદ 44** અનુસાર **રાજ્ય** (→ અનુચ્છેદ-12) પોતાના નાગરિકો માટે સમાન નાગરિક ધારો સુનિશ્ચિત કરવાનો પ્રયાસ કરશે.

o હાલ હિન્દૂ, મુસ્લિમ, શિખ, ઈસાઈઓ પોતાના ધાર્મિક ગ્રંથોના કાયદા આધારિત ઉપરોક્ત બાબતોમાં નિર્ણયો લે છે.

o **હિન્દૂ વિવાહ અધિનિયમ, 1955** અનુસાર હિન્દૂઓમાં વિવાહ અને છૂટાછેડાની બાબતો તથા હિન્દૂ ઉત્તરાધિકાર અધિનિયમ 1956 અનુસાર વારસાઈ બાબતો નિયંત્રિત થાય છે.

o **મુસ્લિમ પર્સનલ લૉ (શરીયત) એપ્લીકેશન એક્ટ, 1937** મુજબ મુસ્લિમોમાં વિવાહ, તલાક કે વારસા સંબંધિત નિયંત્રણો છે.

o **ભારતીય ઉત્તરાધિકાર અધિનિયમ 1925** ઈસાઈ, પારસી અને યહૂદીઓ તેમના નિયંત્રણો દર્શાવે છે.

o વિચારકોના મતે UCC ભારતીય બંધારણની ધાર્મિક સ્વતંત્રતાનું ઉલ્લંઘન હોવાથી UCCનો વિરોધ પણ થઈ રહ્યો છે.

## [*] દેવઘર શ્રાવણી મેળો.

⇒ ઝારખંડના કૃષિ મંત્રી બાદલ પત્રલેખે દેવઘર ખાતે બાબા વૈદ્યનાથધામ મંદિરમાં 'અષાઢી પૂનમ'ના અવસરે દેવઘર મેળાનું ઉદ્ઘાટન કર્યું.

⇒ આ મેળામાં રાજ્ય સરકાર વૈદ્યનાથ બાબાના જલાભિષેકની વિશેષ વ્યવસ્થાનું આયોજન કરે છે.

⇒ દેવઘરનો શ્રાવણી મેળો 2 મહિના સુધી ચાલે છે.

⇒ બાબા વૈદ્યનાથ મંદિર દેશના 12 જ્યોતિર્લિંગમાંનું એક છે.

## [*] ઈલેક્ટ્રોનિક્સ નિકાસમાં તમિલનાડુ ભારતમાં પ્રથમ.

⇒ નાણાકીય વર્ષ ૨૦૨૦-૨૧ માં તમિલનાડુમાંથી નિકાસ 1.6% અને ૨૦21-22માં 1.8% નો વધારો થયો, જ્યારે ૨૦22-23 માં નિકાસમાં 5.3% નો ઉછાળો આવ્યો.

⇒ આ નિકાસમાં ટાટા ઈલેક્ટ્રોનિક્સ સૌથી વધુ ફાળો આપ્યો છે.

⇒ તમિલનાડુમાં લગભગ એક દશક બાદ ફરીથી બીજીવાર પ્રથમ સ્થાને રહ્યું.

⇒ ઈલેક્ટ્રોનિક્સ નિકાસમાં તમિલનાડુ બાદ ઉત્તરપ્રદેશ, કર્ણાટક અને મહારાષ્ટ્રનું સ્થાન છે.

Current Affairs By C H Shingala GPSC

## [*] પેન પિંટર પુરસ્કાર - ૨૦૨૩

=> પ્રતિષ્ઠિત પેન પિંટર પુરસ્કાર ૨૦૨૩ બાળ લેખક અને પ્રદર્શન કલા માઈકલ રોસેનને આપવામાં આવ્યો.

=> 140થી વધુ બાળ સાહિત્યની રચનામાં તેમણે બાળકોની રોજંદી જીવનશૈલીઓ દર્શાવી છે.

=> રોસેનની પ્રસિદ્ધ રચનાઓ - યૂ કાન્ટ કેચ મી-1982, યૂ વેર ટોલ આઈ એમ ઓલ્ડર ધેન યૂ-1996, રેપર-2007, ફેન્ટાસ્ટિક મિસ્ટર ડાહલ-2012નો સમાવેશ થાય છે.

=> પેન પિંટર પુરસ્કાર અન્ય વિજેતાઓમાં હનીફ કુરેશી(2010), સલમાન રશ્દી(2014), ટોમ સિસ્સે(2019), મેલોરી બ્લેકમેન (2022)નો સમાવેશ થાય છે.

• પેન પિંટર પુરસ્કાર-2023 •

○ સ્થાપના - ૨૦૦૯ માં નોબલ વિજેતા હેરોલ્ડ પિંટરની યાદમાં

○ આ પુરસ્કાર અંગ્રેજી ઉત્કૃષ્ટ સાહિત્યો માટે અપાય છે.

Crack G Current Affairs By C.H.Shingala

## [*] સાંઈ હીરા ગ્લોબલ કન્વેંશન સેન્ટર - આંધ્રપ્રદેશ

=> સત્યસાંઈ સેન્ટ્રલ ટ્રસ્ટ નિર્મિત પુટ્ટપર્થીના પ્રશાંતિ નિલયમ ખાતે સાંઈ હીરા ગ્લોબલ કન્વેન્શન સેન્ટરનું વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ ઉદ્ઘાટન કર્યું

=> પ્રશાંતિ નિલયમ શ્રી સત્ય સાંઈબાબા મુખ્ય આશ્રમ છે જેનું કન્વેન્શન સેંટર પરોપકારી શ્રી ર્યુકો હીરા દ્વારા દાન અપાયું છે.

=> આ સેન્ટર સાંસ્કૃતિક આદાન પ્રદાન, આધ્યાત્મ અને વૈશ્વિક સદ્ભાવ વધારવાનો ઉદ્દેશ્ય ધરાવે છે.

=> ર્યુકો હીરાને વેપાર-ઉદ્યોગમાં આદાન પ્રદાન માટે 2022માં પદ્મશ્રી અપાયો હતો.

[*] નાબાલિક દુષ્કર્મ પીડિત ગર્ભવતીના રક્ષણ માટેની યોજના.

=> કેન્દ્રીય મહિલા અને બાળ કલ્યાણ મંત્રી સ્મૃતિ ઈરાનીએ નાબાલિક દુષ્કર્મ પીડિત ગર્ભવતી કે જેના પાસે કોઈ પારિવારિક સમર્થન નથી તેમના આશ્રય, ભોજન અને કાનૂની સહાયતા આપવા 'બલાત્કાર/સામૂહિક બલાત્કાર પીડિત અને ગર્ભવતી થનાર નાબાલિક છોકરીઓને ન્યાય સુધી પહોંચવા મહત્વપૂર્ણ હસ્તક્ષેપ અને સહાયતા' પ્રસ્તાવ-ને મંજૂર કરતા મહિલા અને બાળ વિકાસ મંત્રાલયે લીલીઝંડી આપી.

=> સરકારે પીડિતાને વિત્તીય સહાય તથા આરોગ્ય સુવિધાઓ આપવા આ યોજના હેઠળ 74.10 કરોડની સહાય આપી.

=> NCRB એ 2021માં POCSO અધિનિયમ હેઠળ 51,863 કેસ રજીસ્ટર કર્યા જેમાંથી 33,348 કેસ અધિનિયમની કલમ 3 અને 5 હેઠળ દાખલ કરાયા.

=> સરકારે આ પ્રકારના ગુનાઓ માટે તાત્કાલિક ન્યાય આપવા 415 POCSO હેઠળ ફાસ્ટ-ટ્રેક કોર્ટની સ્થાપના કરી.

Current Affairs By C.H.Shingala

[*] આંતરરાષ્ટ્રીય પ્લાસ્ટિક બેગ મુક્તિ દિવસ - 3 જુલાઈ.

=> પ્લાસ્ટિકના હાનિકારક પ્રભાવ બાબતે જાગૃતતા લાવવા આ દિવસ મનાવાય છે. સિંગલ યૂઝ પ્લાસ્ટિકથી બનેલી વસ્તુઓ નદી અને મહાસાગરોને દૂષિત કરે છે.

=> આ દિવસ પ્રથમ વાર 2008માં ઝીરો વેસ્ટ યુરોપ(ZWE) ના સદસ્ય રેઝેરો દ્વારા મનાવાયો હતો.

=> 2002માં બાંગ્લાદેશ પ્લાસ્ટિક પર પ્રતિબંધ મૂકનાર પ્રથમ દેશ બન્યો.

=> 1 પ્લાસ્ટિક બેગને સામાન્ય સ્થિતિમાં વિઘટિત થતાં 1000 વર્ષ લાગે છે.

=> ભારતે 1 જુલાઈ, 2022 થી સિંગલ યૂઝ પ્લાસ્ટિક પર પ્રતિબંધ મૂક્યો છે. સિંગલ યૂઝ પ્લાસ્ટિક નોન-રીસાયકલ પ્લાસ્ટિક છે જેનો એક જ વાર ઉપયોગ થઈ શકે છે.

# [*] 5 જુલાઈ - 2023 [*]

## [*] તુષાર મહેતા ત્રણ વર્ષ માટે ફરીથી સોલિસિટર જનરલ બન્યા

=> સુપ્રીમ કોર્ટે 6 અતિરિક્ત સોલિસિટર જનરલ સાથે તુષાર મહેતાને ફરીથી સોલિસિટર જનરલ નિયુક્ત કર્યા. આ નિયુક્તિ કેબિનેટની નિયુક્તિ સમિતિ દ્વારા થાય છે.

=> તુષાર પ્રથમવાર 2018માં સોલિસિટર જનરલ બન્યા હતા.

=> અન્ય છ સોલિસિટર જનરલ - વિક્રમજીત બેનર્જી, કે એમ નટરાજ, બલવીરસિંહ, સૂર્યપ્રકાશ વી રાજૂ, એન વેંકટરામન, ઐશ્વર્યા ભાટી.

### • સોલિસિટર જનરલ •

→ ચંદર કિશન દફતરી 1950 - 1963 ભારતના પ્રથમ સોલિસિટર જનરલ હતા.

→ ભારતના સોલિસિટર જનરલ ભારતમાં બીજા નંબરના સૌથી મોટા કાયદા અધિકારી છે. જેઓ એટર્ની જનરલના પદ નીચે કામ કરે છે.

## [*] બિહારની નવી પક્ષી ગણતરીમાં 205 પક્ષીઓની નવી પ્રજાતિઓ મળી.

=> બોમ્બે નેચરલ હિસ્ટ્રી સોસાયટીની મદદથી વન, પર્યાવરણ અને જલવાયુ પરિવર્તન વિભાગે બિહારમાં આ પક્ષીઓની પ્રજાતિઓ મેળવી.

=> બિહારના 26 જિલ્લાઓમાં આ ગણતરી કરવામાં આવી જેમાં 76 આર્દ્રભૂમિ અને ત્રણ નદી પ્રણાલીઓ છે.

=> સરકાર દ્વારા પક્ષીઓની પારિસ્થિતિકી બાબતે વિચારી કરવા 2022 થી પક્ષીઓની ગણના કરે છે.

=> 2021માં વનવિભાગ આયોજિત પક્ષી મહોત્સવ કલરવનો ઉદ્દેશ્ય પક્ષીઓના રક્ષણનો હતો.

Current Affairs By C.H.Shingala GPSC

(*) રાજિન્દર સિંહ - પોઈન્ટ્સ ઑફ લાઈટથી સન્માનિત.

⇒ રાજિન્દર સિંહ દ્વિતીય બીજા વિશ્વયુદ્ધમાં લડનાર સૈનિકોમાંથી એકમાત્ર જીવિત શિખ સૈનિક છે.

⇒ બ્રિટનના પ્રધાનમંત્રી ઋષિ સુનક લંડનમાં ઈન્ડિયા ગ્લોબલ ફોરમના UK-ઈન્ડિયા 2023 વીકના સમારોહમાં આ પુરસ્કાર આપ્યો.

⇒ રાજિન્દર 101 વર્ષની આયુ ધરાવે છે તથા તેઓ અવિભાજિત ભારત પૂર્વ સૈનિક સંઘનું સંચાલન કરે છે. જે બ્રિટિશ ભારતીય યુદ્ધના દિગ્ગજોને સાથે લાવવાનું કામ કરે છે.

⇒ ઘણે પોતાના કાર્યકાળમાં મિત્ર રાષ્ટ્રોની તરફથીમાં લડાઈ લડી હતી અને બીજા વિશ્વયુદ્ધમાં તેઓ બ્રિટિશ ભારતીય સેનામાં સામેલ થઈ ગયા હતા.

(*) 3 જુલાઈ વૈશ્વિક સ્તરે સૌથી ગરમ દિવસ.

⇒ US નેશનલ સેન્ટર ફોર એન્વાયરનમેન્ટ પ્રેડિક્શનના અહેવાલ મુજબ વૈશ્વિક સ્તરે 3 જુલાઈ સૌથી ગરમ દિવસ રહ્યો. જેમાં આંશિક વૈશ્વિક તાપમાન 17.01°C રહ્યું. 2016માં આ તાપમાન 16.92°C હતુ.

⇒ આ તાપમાન વધારાનું કારણ અલ-નીનોની ~~અસર~~ અસર છે. હાલ અમેરિકા હિટ ડોમ સામે લડી રહ્યું છે જે લા નીનોના પ્રભાવને મજબૂત બનાવે છે. જ્યારે વાયુમંડળ સમુદ્રની ગરમહવાને રોકી લે છે ત્યારે હિટ ડોમનું નિર્માણ થાય છે.

⇒ ~~આર્કટિક~~ એન્ટાર્કટિક કે જેમાં હાલ ઠંડીની ઋતુ હોવાં છતાં ગરમીમાં વધારો નોંધાયો છે.

Current Affairs By C.H.Bhingala GPSC

(*) સરકાર 75 લાઈટ હાઉસને પર્યટન સ્થળમાં બદલશે.

⇒ કેન્દ્રીય મંત્રી સર્બાનંદ સોનોવાલે ગુજરાતના દ્વારકા ખાતેથી આ અભિયાનની શરૂઆત કરી.

⇒ અભિયાનનો ઉદ્દેશ્ય લાઈટ હાઉસની ~~સંસ્થા~~ સંરચનાઓની સમૃદ્ધ સંસ્કૃતિ અને મહત્વને પ્રદર્શિત કરવાનો છે. જેના માટે પર્યટન અને સ્થાનીય અર્થવ્યવસ્થા ઉપર લાવવાનો પ્રયાસ કરાશે.

⇒ સર્બાનંદે ગુજરાતના દ્વારકા, ગોપનાથ અને વેરાવળ એમ ત્રણ પ્રતિષ્ઠિત લાઈટહાઉસનું ઉદ્ઘાટન કર્યું.

⇒ આ સાથે સર્બાનંદે ભારતના આંતર્દેશીય જળમાર્ગ ક્ષેત્રમાં B2B સાથે B2C વ્યવસાયમાં નિવેશ કરવાનો આગ્રહ કર્યો અને સમૃદ્ધ નદી ક્રૂઝમાં પણ રોકાણ માટે આહ્વાન કર્યું.

→ (NCSC)

(*) નેશનલ સાયબર સિક્યુરિટી કોઓર્ડિનેટર - એમ.યૂ નાયર

⇒ સરકારે લે. જનરલ એમ યૂ નાયરની NCSC તરીકે નિયુક્તિ કરી. નાયરને અગાઉ 2022માં 28માં સિગ્નલ ઓફિસર - ઈન-ચીફના રૂપમાં નિયુક્ત કરાયા હતા.

⇒ નિવૃ. લે.જ. પંત અને ગુલશન રાય બાદ ત્રીજા સાયબર સુરક્ષા પ્રમુખ બન્યા.

⇒ NCSC બેંકિંગ, સંચાર, વીજળી અને ઊર્જા, પરિવહન અને સરકારી ઉદ્યોગો માટે સાયબર સિક્યુરિટી માર્ગદર્શક તરીકે કામ કરશે.

• NCSC •

⇒ NSCS રાષ્ટ્રીય સુરક્ષા પરિષદ સચિવાલય હેઠળ કામ કરે છે.

→ સંચાર ડેટાની દેખરેખ અને કાયદાકીય બાબતોમાં સંસ્થાઓને મૂલ્યવાન ઈનપુટ આપવાની તેની મુખ્ય જવાબદારી છે.

Current Affairs By C.H.Shingala GPSC

# [*] 6 જુલાઈ - 2023 [*]

[*] સરકારે 'અમૃત કાલ'ને 'કર્તવ્યકાલ' નામ આપ્યું.
⇒ પ્રધાનમંત્રી મોદીએ ભારતની આઝાદીના આવનારા ૨૫ વર્ષ કર્તવ્યકાલ બનવાની જાહેરાત કરી.
⇒ આઝાદીના 100 વર્ષ પૂરા થવા પર અમૃતકાલને 'કર્તવ્યકાલ' નામ અપાશે.

⇒ હાલ ભારત તકનીકી, અર્થવ્યવસ્થા સહિત અનેક બાબતોમાં વિકાસ કરી રહ્યું છે.

⇒ હાલ ભારત વિશ્વનું ત્રીજું સૌથી મોટું સ્ટાર્ટઅપ ક્ષેત્ર તથા વિશ્વની 5મી સૌથી મોટી અર્થવ્યવસ્થા ધરાવે છે.
⇒ ૨૦૨૧માં 75માં સ્વતંત્રતા દિવસ સમારોહમાં પ્રથમવાર મોદીએ 'અમૃતકાલ'નો ઉલ્લેખ કર્યો હતો.

[*] કામેશ્વર રાવ કોડાવંતી- SBI ના CFO નિયુક્ત થયા.
⇒ કામેશ્વર રાવ બેંકિંગ, વિદેશી મુદ્રા, વિત અને હિસાબનો બહોળો અનુભવ ધરાવે છે.

⇒ તેઓ ચરણજીત સુરીંદર સિંહ અત્તાનું સ્થાન લેશે જેમણે હાલમાં જ રાજીનામું આપ્યું છે.

⇒ કોડવંતીની નિયુક્તિ 7 જુલાઈ ૨૦૨૩ થી ગણાશે તથા તેઓ અગાઉ 1991 થી SBI ના CA તરીકે કાર્યરત છે.

[*] ISRO એ ચંદ્રયાન-3 અંતરિક્ષ યાનને રોકેટ LVM3 સાથે જોડ્યું.

⇒ ચંદ્રયાન-3 એ ભારતનું ત્રીજું ચંદ્ર મિશન છે જેને 12 થી 19 જુલાઈ દરમિયાન લોન્ચ કરવામાં આવશે.

⇒ ચંદ્રયાન-3 'વિક્રમ' નામક લેન્ડર અને 'પ્રજ્ઞાન' નામક રોવરનો ઉપયોગ કરશે.

Current Affairs by C.H. Jingala GPSC

⇒ આ લેન્ડર અને રોવર 100km સુધી ચંદ્રના કક્ષામાં કામ કરશે.

⇒ ચંદ્રયાન-3નું લેન્ડર ચંદ્રની આસપાસની તાપીય પરિસ્થિતિ, ભૂકંપીય સ્થિતિ તથા પ્લાઝમાં બાબતે અનુમાનો લગાવશે.

⇒ ચંદ્રયાન-3 માટે લેન્ડિંગ વેગ 2 મી/સે. થી વધારી 3 મી/સેકન્ડ કરાયો.

⇒ આ મિશનને ચંદ્ર સુધી પહોંચતા અંદાજે 45 દિવસ લાગશે.

[*] જિમેક્સ સૈન્ય અભ્યાસની 7મી આવૃત્તિ.

⇒ ભારતીય નૌસેના અને જાપાનની નૌસેના વિશાખાપટ્ટનમ ખાતે આ દ્વિપક્ષીય અભ્યાસ આયોજિત કરશે.

⇒ આ અભ્યાસ 2012માં શરૂ થયા બાદ જિમેક્સની 11મી વર્ષગાંઠનું પ્રતીક છે.

⇒ આ અભ્યાસમાં INS દિલ્હી (ગાઈડેડ મિસાઈલ), INS કમોર્ટા (એન્ટી સબમરીન વારફેર કાર્વેટ) ભાગ લેશે.

Current Affairs By C.H.Shingala GPSC

⇒ આ અભ્યાસ બે ચરણમાં 6 દિવસ સુધી ચાલશે. તથા બંને સેનાઓ તેમના યુદ્ધ કૌશલનું આદાન પ્રદાન કરશે.

[*] ગુજરાત સરકારે PMJAY હેઠળની સહાય ડબલ કરી.

⇒ આ યોજના હેઠળની રૂ. 5 લાખની સહાય રૂ. 10 લાખ કરવામાં આવી.

⇒ આ નિર્ણયથી એક કરોડ 78 લાખ આયુષ્યમાન ભારત કાર્ડ ધારકોને લાભ મળશે.

⇒ આ યોજનામાં લાભાર્થીને વિવિધ નિશ્ચિત કરાયેલી સારવાર નિશ્ચિત હોસ્પિટલમાં નિ:શુલ્ક પ્રાપ્ત થાય છે.

⇒ PMJAY હેઠળ સહાય લેવામાં ગુજરાત સમગ્ર ભારતમાં 5માં સ્થાને છે. (2800 કરોડ દાવા)

**(*) ગ્રીન હાઈડ્રોજન પર ત્રણ દિવસીય સંમેલન- નવી દિલ્હી.**

⇒ કેન્દ્રીય વીજળી અને નવી અને નવીનીકરણીય ઊર્જા મંત્રી શ્રી. આર.કે. સિંહ આ સંમેલનનું ઉદ્ઘાટન કરશે.

⇒ આ સંમેલન હરિત હાઈડ્રોજનમાં ઉભરતી તકનીકી અને પ્રગતી બાબતે ચર્ચાઓ માટે આયોજિત કરાયું.

⇒ ગ્રીન હાઈડ્રોજન પારિસ્થિતિકી તંત્ર સાથે લડવા તથા ડીકાર્બોનાઈઝેશનના વૈશ્વિક લક્ષ્યો પૂરા કરવા માટે અગત્યનો ભાગ ભજવે છે.

**(*) ડિજિટલ વ્યક્તિગત ડેટા સંરક્ષણ વિધેયક મંજૂર થયું.**

⇒ કેન્દ્રીય મંત્રાલયે આ બીલને મંજૂર કર્યું. જે તેના અધિનિયમ હેઠળ ડેટાપ્રોટેક્શન કરવા માટે સક્ષમ બનશે.

⇒ આ વિધેયક અનુસાર તેના ઉલ્લંઘન બદલ રૂ.250 કરોડ સુધીના દંડની જોગવાઈ છે.

Current Affairs By
GPSC

⇒ ભારતમાં તમામ ઓનલાઈન અને ઓફલાઈન ડેટાને આ કાયદા હેઠળ આવરી લેવામાં આવશે.

⇒ બિલ અનુસાર વ્યક્તિગત ડેટા માત્ર વ્યક્તિની સ્પષ્ટ સહમતિથી જ મેળવી શકશે. જેમાં સરકારના રાષ્ટ્રીય સુરક્ષા અને કાનૂન વ્યવસ્થાને બાધા રૂપ ડેટા મેળવવાની સહમતી આપવામાં આવી છે.

⇒ સુપ્રીમ કોર્ટે વ્યક્તિગત ડેટાનું રક્ષણને મૌલિક અધિકાર ગણાવ્યો છે.

## [*] 7 જુલાઈ - 2023 [*]

### [*] UGC અને વિશ્વવિદ્યાલયોમાં શિક્ષકોની ભરતીમાં ફેરફાર

⇒ UGC એ ઉચ્ચ શિક્ષણ સંસ્થાઓમાં સહાયક પ્રાધ્યાપક માટે P.HDની અનિવાર્યતાને રદ કરી.

⇒ નવા દિશાનિર્દેશ અનુસાર, તમામ શિક્ષણ સંસ્થાઓ માટે આસિ. પ્રોફેસરના પદ પર સીધી ભરતી માટે NET, SET કે SLET થી જ ભરતી કરી શકશે.

• UGC - University Grant Comission •

→ સ્થાપના - 1956

→ UGC અધિનિયમ - 1956 હેઠળ સ્થાપિત વૈધાનિક સંસ્થા.

→ વર્તમાન અધ્યક્ષ - જગદીશ કુમાર

### [*] 6G એલાયન્સ

Crack GPSC Current Affairs By C.H.Shingala

⇒ સંચાર વિભાગ દ્વારા ભારત 6G એલાયન્સ લોન્ચ કરાયું.

⇒ ભારત 6G એલાયન્સ એક સહયોગી મંચ છે જેમાં સાર્વજનિક અને ખાનગી કંપનીઓ, શિક્ષણ સંસ્થાઓ વગેરે સામેલ છે.

⇒ B6G નો પ્રાથમિક ઉદ્દેશ્ય ઔદ્યોગિક આવશ્યકતાઓ માટે 6Gને વ્યાવસાયિક અને સામાજિક જરૂરિયાતોને સમજવાનો છે.

⇒ મોબાઈલ સેવાઓમાં 2G, 3G, 4G, 5G માં પરિવર્તન બાદ હાલ 6G માટે કામ શરૂ કરાશે.

⇒ પાછલા 9 વર્ષમાં ડેટાની કિંમત 2014માં 300રૂ./GB થી ઘટીને 2023માં 10રૂ./GB થઈ ગઈ.

## [*] UNSC ની AI ના જોખમો પરની પ્રથમ બેઠક.

=> UNSC એ આર્ટિફિશિયલ ઈન્ટેલિજન્સમાં રહેલા જોખમો પર ચર્ચા કરવા માટે યુનાઈટેડ કિંગડમ ખાતે પ્રથમ બેઠક આયોજિત કરી.

=> બ્રિટન આ વર્ષના અંતમાં AI સુરક્ષા પર પ્રથમ મોટા વૈશ્વિક શિખર સંમેલનની મેજબાની કરશે.

=> મત મુજબ સ્વાયત્ત હથિયાર અથવા પરમાણુ હથિયારના નિયંત્રણમાં AI નો સંભવિત ઉપયોગ દુનિયા માટે મોટું જોખમ સાબિત થઈ શકે છે.

=> UN પ્રમુખે આંતરરાષ્ટ્રીય પરમાણુ ઊર્જા એજન્સીના આધાર પર AI પર એક નવી સંયુક્ત રાષ્ટ્ર એજન્સી બનાવવાના વિચારનું સમર્થન આપ્યું છે.

## [*] અજીત અગરકર- ટીમ ઈન્ડિયાના પસંદગી સમિતિના અધ્યક્ષ બન્યા

Crack G Group Current Affairs By C.H.Shingala

=> ભારતીય ક્રિકેટ કંટ્રોલ બોર્ડ (BCCI) એ અજીત અગરકરને સિનિયર પુરૂષ પસંદગી સમિતિના અધ્યક્ષ નિયુક્ત કર્યા.

=> સુલક્ષણા નાઈક, અશોક મલ્હોત્રા અને જતિન પરાંજપે વાળી ક્રિકેટ સલાહકાર સમિતિ એ તેમના નામની ભલામણ કરી હતી.

=> ફેબ્રુઆરીમાં ચેતન શર્માને દૂર કરાયા બાદ આ જગ્યા ખાલી પડી હતી.

=> અજીત 2007 ICC વિશ્વ T20 વિજેતા ટીમનો હિસ્સો હતા તથા તેમણે ભારત માટે 26 ટેસ્ટ, 191 વનડે અને ચાર T-20 રમ્યા છે.

(*) લાલિયાનજુઆલા ચાંગટે - AIFF પુરુષ ફૂટબોલર ઓફ ધ યર નામિત થયા.

⇒ તેઓ ફૂટબોલર ઓફ ધ યર પુરસ્કાર જીતનાર મિઝોરમના બીજા ખેલાડી છે.

⇒ ભૂતકાળમાં પુરસ્કારમાટે રાષ્ટ્રીય ટીમના સાથી નંદકુમાર સેકર અને નાઓરેમ મહેશ સિંહને પાછળ છોડયા.

⇒ મનીષા કલ્યાણે AIFF મહિલા પ્લેયર ઓફ ધ યર પુરસ્કાર જીત્યો.

⇒ ક્લિફર્ડ મિરાંડાને સર્વશ્રેષ્ઠ પુરુષ કોચ તથા પ્રિયા પારથી -ને સર્વશ્રેષ્ઠ મહિલા કોચથી સન્માનિત કરાયા.

(*) સ્વાહિલી ભાષા દિવસ - 7 જુલાઈ

⇒ આફ્રિકાની સ્વાહિલી ભાષા વિશ્વમાં 10 સૌથી વધુ બોલાતી ભાષાઓમાંની એક છે.

⇒ આ ભાષા તાંઝાનિયા, કેન્યા, મોઝામ્બિક, યુગાન્ડા અને આફ્રિકાના પૂર્વ તટ પર 200 મિલિયનથી વધુ લોકો દ્વારા બોલવામાં આવે છે.

⇒ સ્વાહિલી આફ્રિકા સંઘની અધિકારિક ભાષા પણ છે.

⇒ સ્વાહિલીને સ્થાનિક ભાષામાં કિસ્વાહિલીથી પણ ઓળખવામાં આવે છે.

Current Affairs By C.H.Shingala GPSC

# [*] 8 - જુલાઈ - 2023 [*]

## [*] રેસ્ક્યુ એન્ડ એક્સપ્લોઝિવ ઓર્ડનન્સ ડિસ્પોઝલ (EOD) કવાયત.

⇒ US નેવી અને ભારતીય નેવી વચ્ચે EOD કવાયત SALVEX કોચી ખાતે આયોજિત થઈ. જે સાતમી આવૃત્તિ હતી.

⇒ આ કવાયત ઈન્ટરઓપરેબિલિટી અને ઓપરેશનલ કોઓર્ડિનેશનને પ્રોત્સાહન આપવા પર ધ્યાન કેન્દ્રીત કરશે.

⇒ આ કવાયતમાં બંને દેશોની ડાઈવિંગ ટીમોએ તેમના દરિયાઈ અનુભવો શેર કર્યાં હતા અને વિવિધ પાસાઓમાં બચાવ તથા તાલીમ બાબતે કવાયતો કરી હતી.

## [*] તાઈવાન ભારતમાં ત્રીજુ તાઈપે આર્થિક-સાંસ્કૃતિક કેન્દ્ર ખોલશે.

⇒ તાઈવાનની વાણિજ્યિક રાજધાની મુંબઈમાં તાઈપે આર્થિક અને સાંસ્કૃતિક કેન્દ્ર ખોલશે.

⇒ અન્ય બે કેન્દ્રો નવી દિલ્લી અને ચેન્નઈમાં સ્થિત છે.

⇒ સાંસ્કૃતિક કેન્દ્રનો મૂળ ઉદ્દેશ્ય બંને વચ્ચે સાંસ્કૃતિક આદાન પ્રદાનને વેગ આપવાનો છે. અને તેના દ્વારા ભારત- તાઈવાન વચ્ચે રાજનૈતિક સંબંધ વધારવાનો છે.

⇒ બંને દેશો વચ્ચે વર્ષ 2021માં 8.9 બિલિયન અમેરિકી ડોલરનું અર્થતંત્ર બન્યું છે.

⇒ ભારતે તાઈવાનની સેમીકન્ડક્ટર મેન્યુફેક્ચરિંગ કોર્પોરેશનના આગમન માટે વિશેષ રસ દાખવ્યો છે.

Current Affairs By C.H.Shringala

[*]

## [*] વિશ્વ નિવેશ (રોકાણ) રિપોર્ટ- 2023.

⇒ વ્યાપાર અને વિકાસ પર સંયુક્ત રાષ્ટ્ર સંમેલન (UNCTAD) એ તેની વિશ્વ રોકાણ રિપોર્ટ- 2023 રજૂ કર્યો.

⇒ 2022માં વિકાસશીલ દેશોમાં પ્રત્યક્ષ વિદેશી રોકાણ (FDI) 662 બિલિયન ડોલર થયું.

⇒ આ FDI માં માત્ર 80% હિસ્સો ચીન, સિંગાપુર, ભારત અને સંયુક્ત આરબ અમીરાતનો છે.

⇒ 2022માં ભારતમાં FDI માં 10% ($49 બિલિયન) વધ્યો જેની સાપેક્ષે ચીનમાં ફક્ત 5% જ વધારો થયો. સિંગાપુર અને UAE માં અનુક્રમે 8% અને 10% ની વૃદ્ધિ થઈ.

⇒ 2022માં કુલ મળીને વૈશ્વિક FDI 12% ઘટીને 1.3 ટ્રિલિયન ડોલર થઈ. જેનું કારણ વિકસિત દેશોમાં લેણદેણની માત્રામાં થયેલો ઘટાડો છે.

Current Affairs By ... Shingala

## [*] ગીતા પ્રેસ ગોરખપુર શતાબ્દી મહોત્સવ.

⇒ પ્રધાનમંત્રી મોદી ઉત્તરપ્રદેશ ખાતે ગીતા પ્રેસ ગોરખપુરના શતાબ્દી મહોત્સવમાં જોડાશે.

⇒ પ્રધાનમંત્રી આ સમયે શિવલીલાના 200 રંગીન ચિત્ર સાથેનું શિવપુરાણ અંક વિમોચિત કરશે.

• ગીતા પ્રેસ :-

→ હિંદૂ ધાર્મિક ગ્રંથોનો દુનિયાનો સૌથી મોટો પ્રકાશક.

→ સ્થાપના - 29 એપ્રિલ, 1923.

→ સ્થાપક - જયા દલાલ અને ઘનશ્યામ દાસ.

→ 15 ભાષામાં 1800થી વધુ પ્રકારની પુસ્તકનું પ્રકાશન કરે છે.

→ તાજેતરમાં ગીતા પ્રેસને પ્રતિષ્ઠિત ગાંધી શાંતિ પુરસ્કાર પ્રાપ્ત થયો છે.

## ☒ પ્રસિદ્ધ ચિત્રકાર નંબૂથિરીનું 97 વર્ષની વયે નિધન.

⇒ તેઓ રેખા કલા અને તાંબે રિલીફ માટે પ્રસિદ્ધ હતા. અને તેમણે પ્રકાશ શિવશંકર પિલ્લઈ, એમ ટી વાસુદેવન નાયર, ઉરુબ અને એસ કે પોટ્ટેક્કડ જેવા મલયાલમ લેખકો માટે ચિત્રણ કર્યું હતું.

⇒ તેમના ચિત્રોમાં પરંપરા અને આધુનિકતાનું મિશ્રણ જોવા મળે છે જે ભૂતકાળ અને વર્તમાનને સહજ રીતે જોડે છે.

⇒ તેઓ કેરળ લલિતકલા અકાદમીના અધ્યક્ષ હતા. અને 2003માં કેરળ લલિત કલા અકાદમીના રાજા રવિવર્મા પુરસ્કારથી સન્માનિત કરાયા હતા.

⇒ તેમને શ્રેષ્ઠ કલા નિર્દેશક તરીકે કેરળ રાજ્ય ફિલ્મ પુરસ્કાર થી પણ સન્માનિત કરવામાં આવ્યા હતા.

## ☒ ટેક્સ્ટ મેસેજ આધારિત એપ - ઈન્સ્ટાગ્રામ થ્રેડ્સ.

Current Affairs By C.H.Shingala GPSC

⇒ મેટાએ આ એપ લોન્ચ કરી છે જે ટ્વિટર સમાન દેખાય છે અને ઉપયોગકર્તા પોતાના ઈન્સ્ટાગ્રામ આઈડી થી જ તેમાં લોગઈન કરી શકશે.

⇒ થ્રેડ્સ એ ટેક્સ્ટ આધારિત સોશિયલ મેસેજિંગ એપ છે. જેમાં યૂઝર્સ નાની-નાની મેસેજ પોસ્ટ કરી શકે છે. તથા અન્ય મેસેજને લાઈક અને કમેન્ટ પણ કરી શકે.

⇒ આ એપ 100થી વધુ દેશોમાં એપ્પલ તથા ગૂગલ પ્લેસ્ટોર પર મફત ઉપલબ્ધ છે. જેમાં 500 અક્ષર સુધીનું લખાણ કરી શકાય છે. તથા કોઈ લિંક, ફોટો કે 5 મિનિટ સુધીના વિડિયો પણ પોસ્ટ કરી શકશે.

• મેટા • (જૂનું ફેસબુક)
→ અમેરિકાના મેનલો પાર્ક, કેલિફોર્નિયામાં સ્થિત

• ઈન્સ્ટાગ્રામ •
→ 2010માં શરૂઆત
→ હાલ તેની માલિકી મેટા પાસે છે

# ✱ ૧ જુલાઈ- ૨૦૨૩ ✱

✱ વધુ હરિયાળી ધરાવતા દેશો માત્ર પર્યાવરણમાં જ નહિ પરંતુ આરોગ્ય અને સુખ-સમૃદ્ધિમાં પણ ટોપ પર.

⇒ જીવનમાં ત્રણ વસ્તુની જરૂર છે. - આરોગ્ય, ખુશી અને પૈસા. આ ત્રણે એક જ વસ્તુથી મળી શકે છે અને એ છે - હરિયાળી.

⇒ યુરોપિયન ફિઝિકલ જર્નલ ડેટા સાયન્સમાં આપેલી માહિતી મુજબ 60 દેશોના ૧૦ શહેરો પર થયેલા રિસર્ચ મુજબ ટોચના ૩૦ દેશોમાં હરિયાળી વધુ હોવાથી ત્યાંનાં લોકો આરોગ્ય, ખુશી અને પૈસાની બાબતમાં પણ ટોચ પર છે.

⇒ સૌથી વધુ હરિયાળી ધરાવતા ટોપના-10 દેશોમાં 4નો સમાવેશ થાય છે તે સ્વિડન, નોર્વે, આઈસલેન્ડ, સ્વિત્ઝરલેન્ડ બ્લૂમબર્ગ ગ્લોબલ હેલ્થ ઈન્ડેક્ષમાં પણ TOP-10માં છે.

⇒ દુનિયાના ટોપ-10 માંના 6 દેશ (ફિનલેન્ડ, ડેનમાર્ક, સ્વિત્ઝરલેન્ડ, આઈસલેન્ડ, નોર્વે અને સ્વિડન) વર્લ્ડ હેપ્પીનેસ ઈન્ડેક્સમાં પણ ટોપ-10માં છે.

Current Affairs C.H.Shingala GPSC

⇒ ભારતમાં TOP-10 રાજ્યોમાંના 6 (ગોવા, દિલ્હી, ચંદીગઢ, કર્ણાટક, પોંડિચેરી, કેરળ) માથાદીઠ આવકમાં પણ TOP-10માં છે.

✱ દુનિયાની પ્રથમ ઉડતી કારને સર્ટિફિકેટ મળ્યું.

→ અમેરિકન સરકારે દુનિયાની પ્રથમ ઉડાન ભરનાર કાર મોડલ અને તેના ડિઝાઈન પ્રમાણિત કરી.

⇒ ટ્રાફિક સમસ્યાઓ નિવારણ માટે આ કારને ઉડાવી શકાશે.

⇒ કાર એલેફ એરોનોટિક્સ કંપનીએ બનાવી છે.

⇒ આ કાર એક સમયે 322 કિમી રસ્તા પર અને 177 કિમી ઉડાન ભરીને ચલાવી શકાય છે.

## [*] 'બેલ' મત્સ્ય માછલી

⇒ સ્વિટ્ઝરલેન્ડના ઈટીએચ યુનિવર્સિટીના વિદ્યાર્થીઓએ દરિયાઈ રહસ્યો મળવા 'બેલ' નામક બાયોનિક માછલી બનાવી.

⇒ દરિયાઈ પારિસ્થિતિકીને અસર કર્યા વગર તે પાણીમાંથી ડેટા જમા કરી શકે છે.

⇒ આ માછલી વિવિધ દરિયાઈ DNA ના સંશોધન માટે પણ મહત્વપૂર્ણ છે. આ માછલીને રેડિયો ફ્રિક્વન્સીથી કનેક્ટ કરી શકાતી ન હોવાથી બે કલાક બાદ તે આપમેળે પાણીની બહાર આવી જાય છે અને GPS ની મદદથી તેનું દરિયામાં સ્થાન જાણી શકાય છે.

## [*] કોકોના વધતા ભાવની દુનિયામાં ચોકલેટ ઉદ્યોગને અસર.

⇒ ઈન્ટરનેશનલ એક્સચેન્જ લંડન પર ચોકલેટમાં વપરાતો મુખ્ય ઘટક એટલે કે કોકોના ભાવમાં ઉછાળો જોવા મળ્યો. લંડન અને ન્યુયોર્કના કોમોડિટી માર્કેટમાં કોકોના ભાવમાં 40% નો વધારો જોવા મળ્યો.

⇒ કોકોના પાકમાં ખાતરનો વધુ ઉપયોગ થાય છે અને યુક્રેન યુદ્ધના કારણે ખાતરના ભાવમાં વધારો થતાં આખરે તેનું પરિણામ કોકો પર આવ્યું.

⇒ અલનીનોના કારણે પ. આફ્રિકા કે જે કોકોના પાકના 75% ઉત્પાદન કરે છે ત્યાં દુકાળ પડવાના કારણે કોકોનું ઉત્પાદન ઘટ્યું.

⇒ પશ્ચિમ આફ્રિકાના 4 દેશો જે 75% કોકો ઉત્પાદન કરે છે.

(*) આઈવરી કોસ્ટ, ઘાના, કેમરૂન અને નાઈજીરિયા

સરકારી નોકરીની તૈયારી માટે
76000 51070
Crack GPSC
ડાઉનલોડ કરો ગુજરાતની નં. 1 એપ
CRACK GPSC
• અનુભવી અને સફળ ફેકલ્ટીઝ સાથે ઓછા સમયમાં સચોટ તૈયારી એટલે Crack GPSC

⊛ નેશનલ સ્ટ્રેટેજી ફોર ક્રૂઝ ટૂરિઝમ

⇒ દેશના તટીય વિસ્તારમાં ચાર ક્રૂઝ સર્કિટ બનાવવામાં આવશે જે માટે મોડલ ડ્રાફ્ટ કોચીન પોર્ટ તૈયાર કરશે.

⇒ આ સર્કિટ 7500km ના દરિયાકિનારાના 9 રાજ્ય, બે કે.પ્રદેશ અને બે દ્વીપમાંથી પસાર થશે. જ્યાં દેશની 40% વસ્તીનો વસવાટ છે.

⇒ સરકાર આ સ્ટ્રેટેજી અંતર્ગત મિયામી, દુબઈ, એમ્સ્ટર્ડમમાં થનાર ઈન્ટરનેશનલ ક્રૂઝ એક્ઝિબિશનમાં ભારતના ક્રૂઝ મોડલને પ્રદર્શિત કરશે.

⇒ દેશમાં 4 ક્રૂઝ લાઈન કોસ્ટા, એમએસસી, નોર્વેજીયન અને રોયલ કેરેબિયન ઓક્ટોબર-નવેમ્બરમાં શરૂ થશે.

• ચાર ક્રૂઝ અને તેની થીમ •

① ઓખા - વેરાવળ લાઈન પર - થીમ - તીર્થયાત્રા પ્રવાસન
↳(દ્વારકા, પોરબંદર, સોમનાથ, વેરાવળ અને દીવનો સમાવેશ)

② મુંબઈ - સિંધુદુર્ગ - કેરળ - થીમ સાંસ્કૃતિક પ્રવાસન.
↳(કન્નૂર, કોઝિકોડનો સમાવેશ)

③ કોઝીકોડ - કોચી - તિરુવનંતપુરમ - થીમ વેલનેસ ટૂરિઝમ

④ કોચી - રામેશ્વર - થીમ હેરિટેજ ટૂરિઝમ
↳(રામેશ્વરમ, મલપ્પુરમ, નેલ્લોર, કાકીનાડાનો સમાવેશ.

Current Affairs By C.R. Chingala

⊛ મુન્દ્રા પોર્ટ પર સૌથી વિશાળ જહાજ લાંગરવાનો વિક્રમ

⇒ મુંદ્રા પોર્ટ પર 399 મી. લાંબુ અને 54 મી. પહોળું જહાજ લાંગરવામાં આવ્યું. જે ભારતના સૌથી વ્યસ્ત વાણિજ્ય બંદર તરીકેની ઐતિહાસિક સાક્ષી બન્યું.

⇒ 4 ફૂટબોલના મેદાનના કદના આ જહાજનું નામ 'એમએસસી હેમ્બર્ગ' જે 15,908 કન્ટેનરનું વહન કરી શકે છે.

# [*] 10 જુલાઈ - 2023 [*]

## [*] આત્મહત્યાના પ્રયાસ પર સજા બાબતે વિવિધ કાયદાઓ

⇒ મલેશિયાની સંસદે તાજેતરમાં આત્મહત્યાનાં પ્રયાસને ગુનાની શ્રેણીમાંથી બહાર કાઢવા નવા બિલ પસાર કર્યા.

⇒ આ બીલ દર્શાવે છે કે આત્મહત્યાનો પ્રયાસ એ સજા નહિ પરંતુ કાઉન્સલિંગની જરૂરિયાત જેવો છે.

⇒ ભારત સરકારે 2013માં આત્મહત્યાના પ્રયાસને ગુનાની શ્રેણીમાંથી દૂર કર્યો જે અગાઉ આ પ્રયાસ માટે એક વર્ષની જેલ અને દંડની જોગવાઈ હતી.

⇒ દુનિયાના 19 દેશોમાં આત્મહત્યાના પ્રયાસ માટે સજાપાત્ર ગુનાના કાયદા અમલ છે. દુનિયામાં એચઆઈવી, મલેરિયા, યુદ્ધમાં મૃત્યુ પામનારની સાપેક્ષ આત્મહત્યાથી મોતના આંકડાઓ વધુ છે.

⇒ ભારતમાં આપઘાતનો દર 12.7% સાથે વિશ્વમાં 37મો ક્રમ છે. (આ દર પ્રતિ એક લાખ લોકોએ છે) જ્યારે લીસોટો દેશનો દર સૌથી વધુ 72.4% અને ગ્રેનાડાનો સૌથી ઓછો 0.7% છે.

## [*] વલસાડની આફૂસ કેરીને મળશે GI Tag.

⇒ વિશ્વભરમાં પ્રખ્યાત વલસાડી આફૂસનું છેલ્લા પાંચ વર્ષમાં વધેલા ઉત્પાદન અને એક્સપોર્ટના કારણે મહારાષ્ટ્રની 'રત્નાગીરી', 'આફૂસ' અને તાલાલાની 'કેસર' કેરી બાદ વલસાડી આફૂસને પણ GI Tag મળશે.

⇒ GI Tag માટે કૃષિ યુનિ. નવસારીએ GI ચેન્નઈ ખાતે પ્રક્રિયાઓ હાથ ધરી છે.

⇒ હાલ ભારતમાં 350 વસ્તુઓને GI Tag મળેલો છે. GI Tagથી તે વસ્તુનું આંતરરાષ્ટ્રીય એક્સપોર્ટ માર્કેટ ખુલ્લુ થાય છે અને વિકસે છે.

Current Affairs By C.H.Shingala GPSC

(*) કચ્છમાં 204 વર્ષ બાદ ફરીથી ચેરના વૃક્ષો લહેરાશે.

⇒ 1819માં કચ્છમાં આવેલા અલ્લાહબંધના ભુકંપને 204 વર્ષ થયા. જેમાં સિંધુના વહેણના કારણે કોરીક્રિક વિસ્તારમાં જોવા મળતા ચેરનું મોટા પાયે નાશ થયો હતો.

⇒ હાલ ભારત-પાક. બોર્ડર આવેલ વિસ્તારમાં વનવિભાગે સંપાદિત 1000 હેક્ટરમાં ચેરિયાના વાવેતર માટે પાયલોટ પ્રોજેક્ટ હાથ ધર્યો.

⇒ આ માટે ચેરની બે પ્રજાતિ - રાઈઝોફોરા મ્યુક્રોનાટા તથા સિરીઓપ્સટલનું વાવેતર કરાશે.

⇒ ગુજરાતના કુલ ચેરના જંગલના 68% વિસ્તાર કચ્છમાં છે.

⇒ 16 જૂન, 1819 એ આવેલા 7.9ની તીવ્રતાના ભૂકંપે સિંધુનું વહેણ ગાયબ કરી 90 km લાંબો, 16 km પહોળો અને 6 મીટર ઊંચો એક બંધ રચ્યો એજ અલ્લાહબંધ!

→ હાલ આ વિસ્તારમાં વનવિભાગના મિષ્ટી પ્રોજેક્ટ હેઠળ કુદરતી રીતે એવિસિનિયા મરીના પ્રજાતિના મેન્ગ્રુવ(ચેર) ઉગેલા જોવા મળે છે.

⇒ ચેરના વૃક્ષો વાવાઝોડા અને ત્સુનામી સામે કુદરતી ઢાલ બને છે અને રણને આગળ વધતું અટકાવે છે.

## ⊙ મેન્ગ્રુવની સ્થિતિ ⊙

⇒ ભારતમાં પશ્ચિમ બંગાળ - પ્રથમ ક્રમે (સુંદરીથી ઓળખાય)

⇒ ગુજરાત - બીજા ક્રમે. (ચેરથી ઓળખાય)

⇒ ગુજરાતમાં મેન્ગ્રુવ 1175 ચો. kmમાં ફેલાયેલ છે જેમાંનો 798.74 ચો. km (68%) માત્ર કચ્છમાં છે.

⇒ સમગ્ર દેશમાં ફોરેસ્ટ સર્વે ઓફ ઈન્ડિયા - 2021 રિપોર્ટ અનુસાર 4992 ચો.km ચેરના જંગલો છે.

Current Affairs By C.H.Shingala GPSC

[*] ચીલી ક્લસ્ટર ડેવલપમેન્ટ પ્રોગ્રામ.

⇒ ખેડૂતોની આવક વધારવાના ભાગરૂપે શરૂ કરાયેલ આ પ્રોગ્રામથી પંજાબના ફિરોઝપુરમાં 15000 એકરમાં થતી મરચાંની ખેતીને લાભ થશે.

⇒ ફિરોઝપુરના મરચાંને 14 નમૂનાઓ MRLમાં પાસ થવાથી તેની નિકાસના માર્ગો ખૂલ્યાં છે.

⇒ આ સાથે દેશની મોટાં પાયાની કંપનીઓએ પણ આ મરચું ખરીદવામાં રસ દાખવ્યો છે.

[*] અંતરિક્ષ ક્ષેત્રમાં ભારતના સ્ટાર્ટઅપમાં થઈ રહેલો વધારો.

⇒ ભારતે 1963માં તેનું પ્રથમ રોકેટ લોન્ચ કર્યું ત્યારે ભારત દુનિયાની સૌથી આધુનિક ટકનીકીનો પાછો કરવું ગરીબ રાષ્ટ્ર હતું.

⇒ સાઈકલ પર રોકેટને લોન્ચપેડ પર લઈ જઈ ભારતે પડકારરૂપ અવકાશ ક્ષેત્રમાં પગલાં માંડ્યા અને આજે ભારત વિશ્વના વિકસિત દેશો સાથે ખભેખભા મિલાવી કામ કરી રહ્યા છે.

⇒ તાજેતરમાં ભારતમાં અંતરિક્ષ ક્ષેત્રે140 જેટલા સ્ટાર્ટઅપ્સ નોંધાયા જે કોરોનાકાળ અગાઉ માત્ર પાંચ જ હતા.

⇒ 2022માં અંતરિક્ષ સ્ટાર્ટઅપે નવા ભંડોળમાં આશરે 980 કરોડ રૂપિયા ઊભા કર્યા અને તે આગામી વર્ષોમાં બમણું અથવા ત્રણ ગણું થવાની સંભાવનાઓ છે.

⇒ હાલ ISRO શ્રીહરિકોટા (વિષુવવૃત્તથી નજીક આવેલું સ્થળ) ખાતેથી વિવિધ મિશનો પાર પાડવા સ્ટાર્ટઅપ્સ સાથે પોતાનો નફાકારક હિસ્સો વહેંચી રહ્યું છે. અને 95%ના દર સાથે આ ક્ષેત્રે સફળતા મેળવી રહ્યું છે.

◎ વિશ્વમાં એલોન મસ્કનું સ્પેસ એક્સ ભારે લોડને ભ્રમણકક્ષામાં મોકલવાની કિંમતને કલ્પનાબહાર ઓછી કરવાની ક્ષમતા ધરાવતું ક્ષેત્ર બન્યું છે. ત્યારે ભારત પણ આવનારા સમયમાં આ ક્ષેત્રના યોગદાન માટે કટિબદ્ધ છે.

# (*) 11 જુલાઈ - 2023 (*)

## (*) NLC એ 2023 નો 'સમય પર ભુગતાન' (CPSE) શ્રેણીમાં GEM પુરસ્કાર મેળવ્યો.

=> GEM ના વિઝન આધારિત ઈ-માર્કેટ પ્રણાલીમાં વિશ્વસનીયતામાં ઉત્કૃષ્ટ સુધાર માટે આ પુરસ્કાર અપાયો.

=> GEM નું વિઝન ભારતમાં પારદર્શિતા, કુશળતા અને સાર્વજનિક ખરીદીને વધારવાનું છે.

• NLC - ઈન્ડિયા લિમિટેડ.

→ કોલસા મંત્રાલય હેઠળની નવરત્ન સાર્વજનિક ક્ષેત્ર છે.

→ સ્થાપના - 1956 માં.

→ વડુંમથક - નેવેલી, તમિલનાડુ.

→ અધ્યક્ષ - એમ. પ્રસન્ના કુમાર

Current Affairs By G.H.Shingala
Crack GPSC

## (*) ભારતની પ્રથમ સહકારી ધોરણે ચાલતી સૈનિક સ્કૂલ.

=> કેન્દ્રીય ગૃહ મંત્રી અમિતશાહે ગુજરાતમાં મહેસાણાના બોરિયાવી ખાતે ભારતની પ્રથમ સહકારી સૈનિક સ્કૂલનો શિલાન્યાસ કર્યો.

=> સમગ્ર પ્રોજેક્ટ માટે સહકારી ક્ષેત્રે ચાલતી દૂધ સાગર ડેરી રૂ. 75 કરોડનું અનુદાન આપશે.

=> દેશમાં PPP આધારિત 100 નવી સૈનિક શાળાઓ સ્થાપવાના વડાપ્રધાનના લક્ષ્યની શરૂઆત ગુજરાત ખાતેથી કરવામાં આવી.

ઘરે બેઠાં તૈયારી કરો
કલર્ક, તલાટી, કોન્સ્ટેબલ, PSI, GPSC Class 1,2,3
Crack GPSC
ડાઉનલોડ કરો Crack GPSC એપ
અને તૈયારી કરો ગમે ત્યારે, ગમે ત્યાંથી
76000 51070

## [*] 'આમા પોખરી' યોજના - ઓડિશા.

⇒ ઓડિશા CM નવીન પટનાયકે રાજ્યના 115 સ્થાનિક શહેરોના જળ સ્ત્રોતોને પુનઃજીવિત કરવા આ યોજના અમલમાં મૂકી.

⇒ યોજના હેઠળ આસપાસના ક્ષેત્રોમાં જળવાયુ પરિવર્તન માટે પ્રાકૃતિક અને જૈવિક પદ્ધતિઓ વિકસાવવામાં આવશે.

⇒ આ યોજનાથી નાગરિકોની પાણીની પ્રાથમિક જરૂરિયાતને પૂર્ણ કરી તેમના જીવનધોરણને ઊંચું લાવી શકાશે.

⇒ હાલ આ યોજના પાયલટ પ્રોજેક્ટ તરીકે ભુવનેશ્વર, કટક અને બહેરામપુરમાં શરૂ કરાયો.

⇒ આ પ્રોજેક્ટના મુખ્ય સલાહકાર - આનંદ મલ્લીગાવડ (જેને 'લેક મેન ઓફ ઈન્ડિયા' કહેવાય છે.)

## [*] હરિયાણા સરકારે વિધુર અને અવિવાહિત માટે પેન્શન શરૂ કર્યું.

Crack GPSC Current Affairs C.H.Shingala

⇒ હરિયાણા સરકાર 45-60 વર્ષની ઉંમર ધરાવતા અવિવાહિતોને 2750 રૂ. પ્રતિમાસ માસિક પેન્શનની શરૂઆત કરી, જે માટે 1.80 લાખ પ્રતિવર્ષ આવક મર્યાદા નિશ્ચિત કરાય.

⇒ આ સાથે સરકારે 40-60 વર્ષની ઉંમરના અને 3 લાખથી ઓછી વાર્ષિક આવક ધરાવનાર વિધુરને પ્રતિમાસ 2750 રૂ. પેન્શન અપાશે.

⇒ હરિયાણામાં 45-60 વર્ષના 65000 અવિવાહિત પુરુષ-મહિલા અને 5687 વિધુર છે.

[*] RBI ના કાર્યકારી ડાયરેક્ટર - પી વાસુદેવન

=> પી વાસુદેવનની RBI ના કાર્યકારી ડાયરેક્ટર નિયુક્ત કરાયા.

=> તેઓ નાણાં પ્રબંધન સહિત અન્ય ત્રણ વિભાગો સંભાળશે.

=> તેઓ ઈન્ડિયન ઈન્સ્ટીટ્યૂટ ઓફ બેંકર્સના પ્રમાણિત એસોસિયેટ અને વ્હાર્ટન સ્કૂલના પૂર્વ વિદ્યાર્થી છે.

[*] વિશ્વ જનસંખ્યા દિવસ - 11 જુલાઈ

=> દુનિયાભરમાં વસ્તી બાબતે જાગૃતતા લાવવા માટે દર વર્ષે 11 જુલાઈએ આ દિવસ મનાવાય છે.

=> 1989માં સંયુક્ત રાષ્ટ્ર વિકાસ કાર્યક્રમ (UND) ની ગવર્નિંગ કાઉન્સિલે આ દિવસની સ્થાપના કરી.

=> 2011માં વૈશ્વિક જનસંખ્યા 7 બિલિયને પહોંચી હતી જે આવનાર 2030 સુધીમાં 8.5 બિલિયન થવાની સંભાવના છે.

=> વર્ષ 2023ની થીમ - Gender equality. Unleashing the Power: The Infinity of our world raise the voice of women and Girls to open up possibilities


કરન્ટ અફેર્સ તો Crack GPSC નું જ

2021-22 ની પરીક્ષાઓમાં કરન્ટ અફેર્સ

PSI 100 %

બિન સચિવાલય 100 %

Dy.SO 48 માંથી 44 પ્રશ્નો

સિનિયર ક્લર્ક 100 %

ATDO 100 %

GPSC ક્લાસ 1, 2 2023

54 પ્રશ્નો

સીધા Crack GPSC માંથી જ

સરકારી નોકરીની તૈયારી કરવા આજે જ ડાઉનલોડ કરો.

સ્પર્ધાત્મક પરીક્ષા ક્ષેત્રે 5,00,000+ યુઝર્સ ધરાવતી ગુજરાતની પ્રથમ એપ

7600051070

ગુજરાતની No. 1 એપ

CRACK GPSC

UPSC - GPSC - PI - PSI - Dy. SO / મામલતદાર

બિનસચિવાલય ક્લર્ક | તલાટી | કોન્સ્ટેબલ

RFO | TAT | TET | HTAT

કરન્ટ અફેર્સ

Daily કરન્ટ અફેર્સ PDF આપને ટેલિગ્રામ ચેનલમાં મળશે.

/CrackGPSCapp

એપ્લિકેશનમાં Current Affairs વિભાગમાં આપને મળશે ...

- Monthly મેગેઝિન
- કરન્ટ શતક
- પ્રેક્ટિસ
- MCQ PDF
- One-Liner PDF
- Important Articles

Current Affairs મોક ટેસ્ટ વિભાગ

જેમાં GPSC Class 1, 2 અને 3 - તમામ લેવલની મોક ટેસ્ટ આજની પરીક્ષા પદ્ધતિ મુજબ લેવામાં આવે છે. તો ચોક્કસ MOCK TEST નો લાભ લો.

# [*] 12 જુલાઈ - 2023 [*]

## [*] કેરળમાં વ્યક્તિના મોતનું કારણ બન્યું અમીબા.

→ કેરળના અલ્લાપુઝ્ઝા જિલ્લામાં એક છોકરાનું મોત નેગલેરિયા ફાઉલેરી (મગજ ખાનાર અમીબા)ના સંક્રમણથી થયું.

⇒ આ પ્રકારના અમીબા ગરમ પ્રાકૃતિક જળસ્ત્રોતમાંથી મળી આવે છે જ્યારે ખારા પાણીમાં હોતા નથી.

⇒ આ અમીબા નાકમુખ મારફતે પ્રવેશ કરી મસ્તિષ્ક રિયાર્ગોને નુકશાન પહોંચાડે છે. જેને પ્રાથમિક રીતે અમીબિક મેનિંગોએન્સેફેલાઈટિસ (PAM) કહેવાય છે.

⇒ અમીબા એકકોષીય જીવ છે જે ખરાબ હેયરિંગવાળા સ્વીમિંગપુલમાં પણ મળી આવે છે.

• બચવાના ઉપાયો •

→ અપર્યાપ્ત ક્લોરીનીકરણ વાળા ગરમ મીઠા પાણીથી બચવું.

→ સ્વીમિંગ જેવી પ્રવૃત્તિઓ સમયે નોઝ ક્લિપ ઉપયોગ કરવો.

→ નાકની સફાઈ માટે જીવાણુરહિત પાણીનો ઉપયોગ કરવો.

• લક્ષણ •

→ સખત માથાનો દુ:ખાવો
→ તાવ
→ ઝાડા - ઉલ્ટી
→ ગરદનમાં જકડ
→ ભ્રમ, આંચકા

• દવા • (સામાન્ય રીતે બચવાની સંભાવના ખૂબ ઓછી હોય)

→ એમ્ફોટેરિસિન બી
→ એઝિથ્રોમાઈસિન
→ ફ્લુકોનાઝોલ
→ રિફેમ્પિન
→ ડેક્સામેથાસોન

[*] NGT (નેશનલ ગ્રીન ટ્રિબ્યુનલ)ના કાર્યકારી અધ્યક્ષ
- ન્યાયમૂર્તિ શેઓ કુમાર સિંહ.

→ હાલ તેઓ NGTની ન્યાયિક સભ્યતામાં કાર્યરત છે.
→ ન્યાયમૂર્તિ આદર્શ કુમાર ગોયલની સેવાનિવૃત્તિ બાદ શેઓ કુમાર સિંહની નિયુક્તિ કરવામાં આવી.
→ અગાઉ તેઓની રામ જન્મભૂમિ, અયોધ્યા, ફૈઝાબાદ ખાતે પુરાતત્ત્વ વિભાગના ઉત્ખનન કાર્ય હેઠળ નિગરાનીમાં મુક્યા હતા.

⊙NGT⊙

→ તેની સ્થાપના પર્યાવરણીય વિવાદોના તાત્કાલીક નિવારણ માટે રાષ્ટ્રીય હરિત ન્યાયીકરણ અધિનિયમ, 2010 અંતર્ગત થઈ હતી.
→ કેન્દ્ર સરકાર ભારતના મુખ્ય ન્યાયાધીશની ભલામણને આધારે NGTના અધ્યક્ષની પસંદગી કરે છે.

[*] ડચ સરકારની બહુમતી હારતા સરકાર પડી ભાંગી.

⇒ અપ્રવાસન નીતિ બનાવવામાં અસફળ રહેલ નેધરલેન્ડના પ્રધાનમંત્રી માર્ક રૂટની ગઠબંધન સરકાર પડી ભાંગી.
⇒ વિવાદ નેધરલેન્ડમાં આવનાર શરણાર્થીઓના પ્રવેશની સીમા નક્કી કરવા બાબતે હતો જેમાં 4-2 થી હાર થતાં સરકાર રદ થઈ.
⇒ રૂટ ડચ ઈતિહાસમાં સૌથી લાંબો સમય રહેનાર પ્રધાનમંત્રી છે અને યૂરોપીય સંઘમાં વરિષ્ઠ નેતા છે.
⇒ તેઓ પ્રથમવાર 2010માં ચૂંટાયા બાદ સતત ચારવાર જીત્યા અને પ્રધાનમંત્રી બન્યા.

[*] પંજાબ કૃષિ યુનિવર્સિટીમાં ઘઉંની નવી પ્રજાતિ શોધાઈ.

⇒ હરિત ક્રાંતિ દરમિયાન મહત્વની ભૂમિકા ભજવનાર લુધિયાના સ્થિત પંજાબ યુનિ. એ ઘઉંની નવી જાત વિકસાવી.

⇒ આ ઘઉં ઉચ્ચ એમાઈલજ સ્ટાર્ચ ધરાવે છે જે ટાઈપ-2 ડાયાબિટિસ અને હૃદયરોગના દર્દીઓ માટે આશિર્વાદ બનશે

⇒ PBWRS1 નામક ઘઉંની નવી જાત લોટહીના ગ્લુકોઝ સ્તરને તાત્કાલિક વધારતી નથી

⇒ આ જાત 43.18 ક્વિન્ટલ પ્રતિ હેક્ટર ઉત્પાદન આપે છે.

⇒ અગાઉ આજ સંસ્થાએ PBW JN-1 અને PBW-1 ઘઉંની જાત વિકસાવી હતી.

[*] લક્ષ્ય સેનને કેનેડા ઓપન-2023 બેડમિન્ટન ટૂર્નામેન્ટ પુરૂષ એકલ ખિતાબ જીત્યો.

⇒ કેનેડાના કૈલગરી ખાતે ચીનના લી શી ફેંગને હરાવી 21-18 અને 22-20 થી એમ બે ગેમમાં સેને જીત મેળવી.

⇒ ઈન્ડિયા ઓપનબાદ તેમનો આ બીજો સુપર 500નો ખિતાબ છે.

⇒ લક્ષ્ય સેન ભારતીય બેડમિન્ટન ખેલાડી (શટલર) છે અને વિશ્વમાં 19મું સ્થાન ધરાવે છે.

[*] PDC - પ્રોડક્શન ડિઝાઈન સેન્ટર- CDAC દ્વારા શરૂ કરાયું.

⇒ ઈલેક્ટ્રોનિક્સ અને સૂચના પ્રૌદ્યોગિકી મંત્રાલયના સચિવ ભુવનેશ કુમારે CDAC, કોલકાતા ખાતે PDC સેન્ટરનું ઉદ્ઘાટન કર્યું.

⇒ કેન્દ્રમાં સિસ્ટમ ડિઝાઈન, પ્રોટોટાઈપ, આઈડિએશન, ફેબ્રિકેશન માટે સોફ્ટવેર અને પ્રિન્ટીંગ સુવિધા ઉપલબ્ધ છે.

⇒ કેન્દ્ર વિવિધ સ્ટાર્ટઅપ, MSME ને સંશોધન કાર્યો માટે મદદરૂપ થશે.

[*] ભારતનું પ્રથમ વૈદિક થીમ પાર્ક- નોએડા.

⇒ ઉત્તરપ્રદેશના મુખ્યમંત્રી યોગી આદિત્યનાથે નોએડા ખાતે ભારતના પ્રથમ વૈદિક થીમ આધારિત પાર્કને લોકો માટે ખુલ્લું મુક્યું.

⇒ આ પાર્ક 'વેદ વન પાર્ક' ના નામથી જાણીતું છે. જેમાં 50,000થી વધુ વૃક્ષો વાવવામાં આવ્યા છે.

⇒ પાર્કનું લક્ષ્ય વૈદિક સભ્યતા બાબતે મુલાકાતીઓને શિક્ષિત કરવાનું છે.

⇒ આ પાર્ક વિવિધ આઠ ક્ષેત્રોમાં વિભાજિત થયેલું છે.

- કશ્યપ
- અગસ્ત્ય
- વિશ્વામિત્ર
- વશિષ્ઠ
- અત્રિ
- ગૌતમ
- ભારદ્વાજ

} તમામ વૈદિકયુગના ઋષિઓ છે.

⇒ પાર્કમાં વૈદિક જ્ઞાન કેન્દ્ર પણ સ્થપાયું છે જ્યાં વૈદિક સાહિત્યનું ઊંડાણપૂર્વકનું શિક્ષણ મળી શકશે.

## [*] ઓપરેશન બોર્ડર સ્કોર્ડ - ભારત-અમેરિકા

⇒ અમેરિકી ખાદ્ય અને ઔષધ મંત્રાલય, સીમા શુલ્ક અને સીમા સુરક્ષા તથા ઔષધી મંત્રાલયે ભારતના DRI સાથે પ્રતિબંધિત અને ખતરનાક દવાઓની આંતરરાષ્ટ્રીય હેરફેર રોકવા આ ઓપરેશન શરૂ કર્યું.

⇒ આ ઓપરેશન દ્વિપક્ષીય એજન્સીઓ દ્વારા સંચાલિત થશે જે ગેરકાયદે મોકલાયેલ દવાઓ તથા ઉપકરણોને અટકાવશે.

⇒ જૂન 2023માં ખતરનાક, અસ્વીકૃત દવાઓના 500થી વધુ શિપમેન્ટ રોકવા આ ઓપરેશન હાથ ધરાયું.

## [*] IFSCA (International Financial Services Centres Authority) ના કે. રાજારમનની અધ્યક્ષ તરીકે નિમણૂંક.

⇒ તેઓ ચેરપર્સન ઈન્જેતી શ્રીનિવાસનું સ્થાન લેશે. જેઓ 2020માં અધ્યક્ષ બન્યા હતા.

⇒ તેમના કાર્યકાળ 3 વર્ષ અને 65 વર્ષની ઉંમર બેમાંથી જે પહેલા હશે તે રહેશે.

### •IFSCA•

⇒ 2020માં GIFT સિટી, ગાંધીનગર ખાતે આંતરરાષ્ટ્રીય વિત્તીય સેવા કેન્દ્ર અધિનિયમ, 2019 હેઠળ સ્થાપના.

⇒ તે આંતરરાષ્ટ્રીય નાણા સેવાઓનું વિનિયમન કરે છે.

⇒

✱ 13 જુલાઈ - 2023 ✱

✱ ભારત 2075 સુધીમાં વિશ્વની બીજા નંબરની અર્થવ્યવસ્થા બનવા તરફ.

⇒ ઈન્વેસ્ટમેન્ટ બેંક ગોલ્ડમેન અનુસાર ભારત 2075 સુધીમાં જાપાન, જર્મની અને અમેરિકાને પાછળ રાખી દુનિયાની બીજા નંબરની અર્થવ્યવસ્થા બનશે.

⇒ 142 કરોડની વસ્તી સાથે ભારતની GDP વધીને 52.5 ટ્રિલિયન ડોલર થવાનું અનુમાન છે જે અમેરિકાની GDP કરતાં વધુ છે.

⇒ રિપોર્ટમાં વધતી આબાદી, નવીન ટેકનોલોજી, ઉચ્ચ નિકાસ/રોજગાર તથા શ્રમિકોની વધતી ઉત્પાદકતા ને ભારતના અર્થતંત્ર માટે પૂર્વાનુમાન લગાવ્યું છે.

⇒ 85 સોવરેન વેલ્થ ફંડ અને 57 કેન્દ્રીય બેંક અનુસાર ભારત હાલ નિકાસ માટે ઉભરતી બજારમાં ટોચના સ્થાને છે.

✱ લોકમાન્ય તિલક રાષ્ટ્રીય પુરસ્કાર.

⇒ પૂણે ખાતે પ્રેસ કોન્ફરન્સમાં તિલક મેમોરિયલ ટ્રસ્ટના અધ્યક્ષ ડૉ. દીપક તિલક અને રોહિત તિલકે પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીને આ પુરસ્કાર આપવાની જાહેરાત કરી.

⇒ PMના અસાધારણ નેતૃત્વ અને નાગરિકો વચ્ચે દેશભક્તિની ભાવના વધારવાના પ્રયાસો બદલ તેમને આ પુરસ્કાર આપ્યો.

⇒ ⊙ લોકમાન્ય તિલક પુરસ્કાર.

→ તિલક 20મી સદીની શરૂઆતમાં ભારતના સ્વતંત્રતા સંગ્રામમાં પ્રમુખ વ્યક્તિ હતા.

→ પુરસ્કારની શરૂઆત - 1983

[*] ઉત્તરપ્રદેશ સરકારે ભારતીય ગાયની નસ્લ માટે માઈક્રો ડાયરી સ્થાપિત કરવાની યોજના બનાવી.

⇒ સ્વદેશી ઉદ્યોગ, ફસલ અને પશુધનને વિકસાવવા માટે માઈક્રો ડાયરી સ્થાપિત કરાશે.

⇒ યોજનાનો ઉદ્દેશ્ય દૂધ ઉત્પાદનને વધારવાનો તથા સાહીવાલ, થરપાકર અને ગિર ગાયોની જાતિને સંરક્ષિત કરવાનો અને નબળા પશુપાલકોને સહાય કરવાનો છે.

⇒ રાજ્ય સરકાર નંદ બાબા મિલ્ક મિશન અંતર્ગત દેશી ગાયની નસ્લની ખરીદી માટે રૂ. 40,000 નું અનુદાન આપશે જેનો ઉદ્દેશ્ય નંદબાબા મિલ્ક મિશનની ડાયરી ઉત્પાદન વધારવાનો છે.

⇒ UPમાં 6000 અસ્થાયી ગૌશાળામાં 9,00,000 થી વધુ ગાયો રાખવામાં આવી. જ્યારે 280 ગૌ સંરક્ષણ કેન્દ્રો અને કાન્હા ગૌશાળામાં ક્રમશઃ 1,40,000 અને 86,000 ગાયો રાખવામાં આવી છે.

[*] ચીને પોતાનું પ્રથમ ઓપન-સોર્સ કમ્પ્યૂટર ઓપરેટિંગ સિસ્ટમ લોન્ચ કરી.

⇒ ઓપન-સોર્સ ડેસ્કટોપ ઓપરેટિંગ સિસ્ટમને 'ઓપનકાઈલિન' નામ અપાયું છે. જેનો ઉદ્દેશ્ય દેશને અમેરિકી તકનીકી પર નિર્ભરતામાં ઓછી કરવાનો છે.

⇒ 4000 ડેવલપર્સના સમુદાયે ઓપન સોર્સ લિનક્સ ઓપરેટિંગ સિસ્ટમના આધારે 'ઓપનકાઈલિન' બનાવ્યું છે. જેનો ઉપયોગ અંતરિક્ષ અર્થવ્યવસ્થા અને ઊર્જા ક્ષેત્રના ઉદ્યોગોમાં કરવામાં આવશે.

⇒ હાલ MS window અને એપલની મેક ઓએસની જગ્યા લેવા ચીનમાં ઘણી બધી ઓપરેટિંગ સિસ્ટમ સંશોધિત થઈ રહી છે

⇒ ચીની કંપની યૂનિયનટેક સોફ્ટવેર ટેક. કંપની લિ. 'યૂનિટી ઓપરેટિંગ સિસ્ટમ' નામક OS વિકસિત કરી રહી છે.

[*] ઈસરોએ SSLV ને ખાનગી ક્ષેત્રમાં સ્થળાંતરિત કરવાનો નિર્ણય કર્યો.

⇒ ISRO એ લઘુ ઉપગ્રહ પ્રક્ષેપણ યાન (SSLV) ને ખાનગી ક્ષેત્રને સોંપવાનો નિર્ણય કર્યો.

⇒ રોકેટની બે વિકાસ ઉડાણ આયોજિત થયા બાદ SSLV ને સંપૂર્ણ રીતે ખાનગી ક્ષેત્રમાં સ્થળાંતરિત કરાશે. આ માટે ISRO એ બોલીઓ આધારિત પદ્ધતિનો ઉપયોગ કર્યો.

⇒ SSLV-ISRO દ્વારા વિકસિત લઘુ પ્રક્ષેપણ યાન છે. જેની મદદથી EOS-07, જનૂસ-1 અને આઝાદીસેટ-2 ઉપગ્રહનું સફળ લોન્ચિંગ પણ થયું છે.

| • SSLV (Small Satellite Launch Vehicle) • |
|---|

- ત્રણ ચરણો ધરાવતું પ્રક્ષેપણ યાન છે.
- 500 Kg વજન સુધીના ઉપગ્રહને સ્થાપિત કરવાની ક્ષમતા.
- તે ખૂબ જ ખર્ચ અસરકારક છે અને ઓછો ભ્રમણકક્ષા સમય ધરાવે છે અને પોતાનામાં ઘણાં બધાં ઉપગ્રહોને સમાવવા માટે સુવિધાજનક છે.

[*] પાર્થ સાલુંખે રિકર્વ વર્ગમાં યૂથ વર્લ્ડ ચૅમ્પિયનશિપ (આર્ચરી-તિરંદાજી) માં જીતનાર પ્રથમ ભારતીય બન્યા.

⇒ તેમણે ફાઈનલમાં કોરિયાના સોંગ ઈન જૂનને 7-3થી હાર આપી.

⇒ ભારતે અંડર-21 મહિલા વર્ગમાં વ્યક્તિગતમાં ભાજ કૌરે ચીની તાઈપેની સુ-સીન-યૂને હરાવી કાંસ્ય મેળવ્યો.

⇒ 24 સદસ્યીય ભારતીય ટીમે કુલ 11 મેડલો જીત્યા.

⇒ રેન્કિંગની બાબતમાં ભારત બીજા સ્થાને છે જ્યારે કોરિયા 6 ગોલ્ડ અને ચાર સિલ્વર સાથે પ્રથમ છે.

⇒ ભારતે 6 ગોલ્ડ, 1 સિલ્વર, 4 બ્રોન્ઝ મેળવ્યા છે.

[*] મહિલાઓ સામેના અપરાધોની તપાસ નિવારવા બાબતે ભારતમાં વિવિધ રાજ્યોનું સ્થાન.

⇒ આ બાબતમાં દાદરા અને નગર હવેલી અને દમણ દીવ 98.30% બાબતોને નિવારવા સાથે પ્રથમ સ્થાને છે.

⇒ આ બાબતમાં ઉત્તરપ્રદેશ 97.80% સાથે બીજા સ્થાને છે.

⇒ પુડુચેરી 97.50% સાથે ત્રીજા સ્થાને છે.

⇒ બિહાર-18.5% સાથે સૌથી છેલ્લે અને ત્યારબાદ 20.6% સાથે મણિપુર અને 46.7% સાથે આસામ છે.

[*] વિશ્વ પેપર બેગ દિવસ - 12 જુલાઈ

⇒ પેપરબેગના ઉપયોગ બાબતે જાગૃતતા લાવવા માટે 2023માં 7મો વિશ્વ પેપરબેગ દિવસ મનાવાયો.

⇒ 19મી સદીમાં મધ્ય અમેરિકામાં ફ્રાંસિસ વૌલેએ પ્રથમ વખત પેપરબેગ બનાવી હતી.

⇒ વર્ષ 2023ની [થીમ] - હજુ જાહેર થઈ નથી.

વર્ષ 2022ની થીમ - If you are fantastic, do something dramatic to cut out plastic, Use ~~Plast~~ Paper bag.

[*] સરકારે 1 જાન્યુ. 2025 થી ટ્રક કેબિનમાં AC ફરજિયાત કર્યાં.

⇒ માર્ગ પરિવહન અને રાજમાર્ગ મંત્રી નિતિન ગડકરીએ આ જાહેરાત કરી છે.

⇒ AC સિસ્ટમની અનિવાર્યતા ટ્રક ચાલકોની કાર્યશક્તિમાં સુધાર માટે ઐતિહાસિક સાબિત થશે.

⇒ N-2 અને N-3 શ્રેણીના વાહનોની કેબિનમાં આ અનિવાર્યતા કરી છે.

⇒ AC સિસ્ટમનું પરીક્ષણ IS14618:2022 અનુસાર થશે.

# * 14 જુલાઈ-2023 *

## [*] ગ્લોબલ પીસ ઈન્ડેક્સ-2023

→ ઈન્સ્ટિટ્યૂટ ઓફ ઈકોનોમિક્સ એન્ડ પીસે 'ગ્લોબલ પીસ ઈન્ડેક્સ-2023' જાહેર કર્યો.

→ યાદી મુજબ સતત પાંચમાં વર્ષે અફઘાનિસ્તાન સૌથી અશાંત દેશ.

→ વિશ્વમાં સૌથી શાંત દેશમાં સતત 15માં વર્ષે આઈસલેન્ડ પ્રથમ સ્થાને.

→ ભારત ગત વર્ષે 135માં સ્થાને હતું જે આ વર્ષે 126માં સ્થાને છે.

→ અશાંત દેશોની યાદીમાં અફઘાનિસ્તાન બાદ યમન, સીરિયા, રશિયા અને દક્ષિણ સુદાનનો સમાવેશ થાય છે.

→ આ યાદીમાં કુલ 163 દેશોને સમાવવામાં આવ્યા છે.

→ આ ઈન્ડેક્સ મુજબ વૈશ્વિક શાંતિમાં 0.42% નો ઘટાડો નોંધાયો છે.

Current Affairs By C.H. Shingala GPSC

## [*] અમદાવાદ મહાત્મા મંદિર ખાતે U20 મેયરલ સમિતિમાં બેઠકમાં અમિતાભ કાંતે આપેલા વિચારો.

→ મહાત્મા મંદિર ખાતે આયોજિત છઠ્ઠી U20 મેયરલ સમિતિ બેઠકની પૂર્ણાહુતિમાં U20 દ્વારા G20ને કમ્યુનિક ડોક્યુમેન્ટ સોંપાયા.

→ G20 ઈન્ડિયા શેરપા અમિતાભ કાંતે U20 ને (અર્બન-20) વિકાસનો હાર્દ કહ્યો.

→ બેઠકમાં કેન્દ્રીય મંત્રી હરદિપ પુરીએ અર્બન ટ્રાન્સફોર્મેશન માટે નવ પોઈન્ટનું વિઝન રજૂ કરી ઈનોવેશન પર ભાર મૂક્યો.

→ કાંતના મતે વિશ્વની વસ્તીના 60% નાગરિકો શહેરમાં વસે છે અને GDPમાં 85% હિસ્સો ધરાવે છે. જે શહેરીકરણથી થયેલ અસ્ટેનેબલ ગ્રોથ દર્શાવે છે.

[*] બરછટ ધાન્ય નહીં, પોષણક્ષમ 'શ્રીઅન્ન' સ્વરૂપ ભવિષ્યની દિશામાં જન આંદોલન.

⇒ ભારત માટે વર્ષ 2023નું વર્ષ અતિ મહત્વનું બન્યુ છે. G20 સમૂહની ભારતની અધ્યક્ષતા સાથે ભારતે 2023ના વર્ષને 'આંતરરાષ્ટ્રીય પોષક અનાજ વર્ષ' તરીકે ઉજવવાની વાત વિશ્વને ભેટ સ્વરૂપે આપી.

⇒ ભારતે બરછટ (મોટા) ધાન્યને 'શ્રીઅન્ન' નામ આપ્યું અને UNએ વર્ષ 2023ને 'આંતરરાષ્ટ્રીય મિલેટ વર્ષ' જાહેર કર્યું. અને લોકો સુધી શ્રીઅન્નની વિશેષતાઓ પહોંચાડવાનું જનઆંદોલન શરૂ થયું.

⇒ ભારત શ્રીઅન્નના ઉત્પાદનમાં એશિયામાં 80% સાથે સૌથી આગળ છે અને વિશ્વમાં 20% હિસ્સો ધરાવે છે.

⇒ અગત્યની બાબત એ છે કે ઘઉં અને ચોખાની સાપેક્ષે મડું ધાન્ય ઓછી ભૌગોલિક પરીસ્થિતિમાં તથા ઓછી ઉપજાઉ જમીનમાં પણ ઉત્પાદન લઈ શકાય છે અને તેના માટે રસાયણ કે યુરિયાનો ઉપયોગ મહત્વનો બનતો નથી જેનાથી રાસાયણિક ખાતરની આયાતમાં ઘટાડો, ઘઉંઅને ચોખાની નિકાસમાં વધારો કરી શકાશે.

⇒ ભારતીય પુરાતન ઈ.સ. પૂર્વે 2500થી 2200ના હડપ્પા સભ્યતાના અવશેષોમાં ક્યાંક ક્યાંક બરછટ અનાજના નમૂનાઓ મળ્યા છે. અને યજુર્વેદ, સુશ્રુત સંહિતા, અભિજ્ઞાનશાકુંતલમ જેવા ગ્રંથોમાંથી પણ તેનો ઉલ્લેખ મળ્યો છે.

⇒ ન્યુટ્રિશનિસ્ટના મતે મિલેટ્સ કોલેસ્ટ્રોલ કન્ટ્રોલ, ડાયાબિટિસ સામે રક્ષણ આપે છે તથા ફાઈબર, કેલ્શિયમ, કાર્બોહાઈડ્રેડ, આયરન, ફોલિક એસિડનો ભરપૂર સ્ત્રોત ધરાવે છે.

⇒ ભારતે વર્ષ 2022-22માં 1,04,146 ટન શ્રીઅન્નની નિકાસ કરી છે.

⇒ શ્રીઅન્નમાં સમાવિષ્ટ ધાન્યો :-
– બાજરી, જુવાર, નાગલી, બંટી, કોદરી, જવ, રાજગરો, કાંગની, કુટકી, કોડો, ચિના.

## [✱] સાયબર વર્લ્ડમાં ક્લાઉડ પ્લેટફોર્મનું મહત્વ અને ધ્યાનમાં રાખવાની બાબતો.

⇒ વિવિધ વ્યવસાયોમાં ડેટાની ઉપલબ્ધતાની જરૂરિયાતને સંતોષવા ડેટા સલામતી માટેના નવા રસ્તા શોધવાની તાતી જરૂરિયાત ઊભી થઈ અને એ માટે વિજ્ઞાનીઓએ ક્લાઉડ પ્લેટફોર્મનો વિકાસ કર્યો.

⇒ ઘણાં સમયથી નાનાથી મોટા પાયાના ઉદ્યોગો ડેટાને ક્લાઉડના માધ્યમથી સંગ્રહ કરવાનું વધુ પસંદ કરી રહ્યા છે.

### શું છે ક્લાઉડ પ્લેટફોર્મ ?

⇒ ક્લાઉડ પ્લેટફોર્મ એ ડેટાનું ઈ-વાદળ છે કે વિવિધ ડેટાને સંગ્રહ છે અને સતત ઈન્ટરનેટના માધ્યમથી વપરાશકર્તા સાથે જોડાઈને રહે છે.

⇒ જ્યારે ડેટાને હાર્ડડિસ્ક, મેમરીકાર્ડમાં સંગ્રહવામાં આવે ત્યારે સરળતાથી તેને અન્ય વ્યક્તિ એક્સેસ અથવા ડેમેજ કરી શકે છે. પરંતુ ક્લાઉડ પ્લેટફોર્મ પર ડેટા આ બાબતે વધુ સલામત બની જાય છે.

### ક્લાઉડ પ્લેટફોર્મની મર્યાદા.

→ ઓપન સોર્સ પ્રકારના ક્લાઉડ પ્લેટફોર્મ સામાન્ય રીતે વાયરસ જેવી બાબતોનો શિકાર બની શકે આ માટે પેઈડ વર્ઝન ઉપયોગ કરવું વધુ હિતાવહ બને.

→ ક્લાઉડ સર્વિસ આપતી કંપનીનો ઉદ્ભવ સમય, દેશ, સલામતી પોલિસી, સિક્યોરિટી ઓડિટ રિપોર્ટ વગેરે જાણવું જરૂરી છે.

### ધ્યાનમાં રાખવાની બાબત

→ યુઝર આઈડી-પાસવર્ડ સલામત રાખવા.

→ કાર્યની પૂર્ણાહુતી બાદ લોગઆઉટ કરવું, કુકીઝ ક્લિયર કરવું.

→ લોગીન એલર્ટ ઓન રાખવું.

Crack GPSC Current Affairs By C.H.Shingala

## [*] એનર્જી ટ્રાન્ઝિશન ઈન્ડેક્સ - ૨૦૨૩

→ જીનિવા સ્થિત વર્લ્ડ ઈકોનોમી ફોરમ દ્વારા જાહેર એનર્જી ટ્રાન્ઝિશન ઈન્ડેક્સ (ETI)માં ભારત 120 દેશોની યાદીમાં 67માં ક્રમાંકે રહ્યું.

→ હાલ દેશમાં ઊર્જાનો વપરાશ 26 ગીગાજૌલ્સ છે. જ્યારે USમાં તે 257 ગીગાજૌલ્સ છે.

→ વૈશ્વિક સ્તરે સતત વધી રહેલા વાયુ પ્રદૂષણ વચ્ચે દરેક દેશો તેના નિરાકરણ માટે સ્વચ્છ ઊર્જાના સ્રોત તરફ વળી રહ્યા છે ત્યારે ભારત પણ પ્રદૂષણ ઘટાડવા ઓછું પ્રદૂષણ ફેલાવતા ઈંધણના ઉપયોગ તરફ પગલાં માંડી રહ્યું છે.

→ ભારત હાલ 37.4% ઊર્જાની આયાત કરે છે. જ્યારે આ બાબતમાં 87.7% સાથે જાપાન પ્રથમ છે.

## [*] ગુજરાત રાજ્યનો પ્રથમ ગ્રે વોટર ટ્રીટમેન્ટ પાયલોટ પ્રોજેક્ટ ભરૂચમાં શરૂ કરાયો.

Current Affairs by C.H.Shingala

→ ભરૂચ જિલ્લાના શુક્લતીર્થ ગામે 1.97 કરોડના ખર્ચે ગટરના ગંદા પાણીને શુદ્ધ કરવાનો ટ્રીટમેન્ટ પ્લાન્ટ શરૂ કરાયો.

→ આ પ્રોજેક્ટથી રોજિંદા વપરાશ બાદ એકત્ર થયેલા ગંદા પાણીના નિકાલનો પ્રશ્ન હલ થશે.

→ વર્ષ 2022માં શુક્લતીર્થ ગામમાં પાયલોટ પ્રોજેક્ટ તરીકે 700 KLD ક્ષમતા ધરાવતો પ્લાન્ટ પાણીને શુદ્ધ કરે છે.

એક એપ બધી પરીક્ષાઓ
સરકારી નોકરી ની તૈયારી કરો
RFO | TAT | TET | HTAT
ગુજરાતની નં. 1 એપ સાથે
CRACK GPSC
UPSC - GPSC - PI - PSI - Dy.SO/મામલતદાર - બિનસચિવાલય ક્લર્ક - તલાટી - કોન્સ્ટેબલ
76000 51070

# [*] 15 જુલાઈ - 2023 [*]

## [*] 'સાગર સંપર્ક' ડિફરન્શિયલ ગ્લોબલ નેવિગેશન સેટેલાઈટ સિસ્ટમ.

⇒ સમુદ્રી ક્ષેત્રને મજબૂત બનાવવા માટે કેન્દ્રીય મંત્રી સર્બાનંદ સોનોવાલે આ સિસ્ટમ લોન્ચ કરી.

⇒ આ સિસ્ટમ સ્થળ આધારિત સંવર્ધન સિસ્ટમ છે જે ગ્લોબલ નેવિગેશન સેટેલાઈટ સિસ્ટમ (GNSS)માં રહેલી ખામીઓને દૂર કરે છે.

⇒ આ સિસ્ટમના ઉપયોગથી સમુદ્રી યાત્રિઓને સુરક્ષિત નેવિગેશનમાં મદદ કરશે તથા બંદરો પરના ઘર્ષણ અને દુર્ઘટનાઓ સામે રક્ષણ આપશે.

⇒ આ સિસ્ટમ નાવિકને 5 મીટર સુધીની સ્થિતિ સુધારમાં મદદરૂપ થશે.

## [*] 'મોબાઈલ હેલ્થ એપ' - જમ્મુ - કશ્મીર.

[*] 'મોબાઈલ હેલ્થ એપ' - જમ્મુ - કશ્મીર 'ટ્વિટ' સાથે

⇒ 'આપકા મોબાઈલ - હમારા દફ્તર' ટ્વિટ કોલ સાથે
⇒ 'આપકા મોબાઈલ - હમારા દફ્તર' ના નાગરિકોમાં સેવાઓને મોબાઈલ આધારિત જમ્મુ-કશ્મીરના નાગરિકોમાં સેવાઓને ડિલીવર કરવા માટેની એક પહેલના ભાગરૂપે આ એપ લોન્ચ કરવામાં આવી.

⇒ એપની મદદથી જમ્મુ-કશ્મીરના લોકોને મોબાઈલ દ્વારાજ તમામ સરકારી નાગરિક સેવાઓ સુધી પહોંચવાનું માધ્યમ પ્રાપ્ત થશે.

⇒ એપથી લોકો સુધી પહોંચવાના અને સુવિધાઓ વધારવાના પ્રશાસનના લક્ષ્યને સરળતાથી પ્રાપ્ત કરી શકાશે.

Current Affairs By S.H Shingala GPSC

[*] કુઆલાલુમ્પુર ખાતે HAL નું ક્ષેત્રીય કાર્યાલય શરૂ કરાયું.

⇒ કેન્દ્રીય રક્ષામંત્રી રાજનાથ સિંહે મલેશિયાની રાજધાની કુઆલાલુમ્પુર ખાતે HAL (હિન્દુસ્તાન એરોનોટિક્સ લિમિટેડ) નું ક્ષેત્રીય કાર્યાલયનું ઉદ્ઘાટન કર્યું.

⇒ આ કાર્યાલય ભારત અને મલેશીયા વચ્ચે રક્ષા ઉદ્યોગમાં સહયોગ વધારશે તથા દક્ષિણ-પૂર્વ એશિયાઈ ક્ષેત્રમાં HALના સહાયક કેન્દ્ર તરીકે કામ કરશે.

⇒ આ સાથે રાજનાથ સિંહે પેટલિંગ જયા ખાતે રામકૃષ્ણ મિશનની મુલાકાત લીધી તથા સ્વામી વિવેકાનંદની પ્રતિમાને પુષ્પાંજલી અર્પી.

⇒ આ ઉપરાંત રાજનાથ સિંહે બ્રિકફીલ્ડ્સમાં તોરાના ગેટની મુલાકાત કરી જે ભારત અને મલેશિયા વચ્ચેની દોસ્તીનું પ્રતિક છે. જેનું 2015 માં PM મોદીએ ઉદ્ઘાટન કર્યું હતું.

⊙ HAL ⊙

→ ભારતની સરકારી સ્વામિત્વ ધરાવતી સંસ્થા છે જે વિમાન, જેટ એન્જિન અને હેલીકોપ્ટરની ડિઝાઈન, નિર્માણનું કામ કરે છે.

→ તેનું વડું મથક- બેંગ્લોરમાં છે. તથા સ્થાપના 1940માં થઈ હતી.

→ હાલના અધ્યક્ષ અને MD = શ્રીડી અનંતકૃષ્ણન

[*] સુપ્રીમ કોર્ટમાં બે નવા જજની નિયુક્તિ.

→ તેલંગાણાના મુખ્ય ન્યાયધીશ ઉજ્જવલ ભુઈયાં અને કેરળના મુખ્ય ન્યાયાધીશ એસ. વેંકટનારાયણ ભટ્ટીની સુપ્રીમના જજ તરીકે નિયુક્તિ થઈ.

→ આ નિયુક્તિ સાથે મુખ્ય અદાલતની ન્યાયિક શક્તિ 33 થઈ.

→ SC ના ન્યાયાધીશની 65 વર્ષની ઉંમર સેવાનિવૃત્તિ માટે હોય છે.

Current Affairs By C.H.Shingala GPSC

## ✱ નારી અદાલત

⇒ કેન્દ્ર સરકારે ઘરેલૂ હિંસા, સંપત્તિ અધિકાર તથા પૈતૃક બાબતોના સમાધાન માટે 'નારી અદાલત' શરૂ કરી.

⇒ હાલ આ પહેલ અસમ અને જમ્મુ-કશ્મીરનાં 50-50 ગામોમાં પાયલટ પ્રોજેક્ટ તરીકે શરૂ થઈ. જેને આવનારા 6 માસમાં વિવિધ વિસ્તારમાં વિસ્તરણ કરાશે.

⇒ આ અદાલત 7થી9 સભ્યોની હશે. જેમાં અડધા ગ્રામપંચાયતના સભ્યો અને અડધા શિક્ષક, ડોક્ટર કે સામાજિક કાર્યકર્તા જેઓ ગામમાં ફરજ બજાવે છે તે રહેશે.

⇒ નારી અદાલત માત્ર વિવાદોનું નિરાકરણ જ નહિ પરંતુ સરકારની વિવિધ યોજનાઓ બાબતે પણ માહિતગાર કરશે.

⇒ નારી અદાલતના સભ્યોને 'ન્યાય સખી' અને પ્રમુખને 'મુખ્ય ન્યાય સખી' તરીકે ઓળખવામાં આવશે.

⇒ મુખ્ય ન્યાય સખીનો કાર્યકાળ 6 માસ રહેશે તથા આ અદાલતને કાનૂની દરજ્જો નહીં મળે.

Current Affairs By C.H.Shingala

⇒ આ અદાલત મહિલા અને બાળ વિકાસ મંત્રાલયના મિશન શક્તિની ઉપયોજના તરીકે સ્થાપિત થશે.

## ✱ એલન મસ્કની નવી AI કંપની XAI લોન્ચ થઈ.

⇒ ટેસ્લા અને સ્પેસએક્સના CEO અને ટ્વિટરના માલિક એલન મસ્કે નવી AI કંપની XAI લોન્ચ કરી.

⇒ ડીપમાઈન્ડ, ઓપન AI, ગૂગલ રિસર્ચ, માઈક્રોસોફ્ટ રિસર્ચ, ટ્વિટર અને ટેસ્લાના પૂર્વ કર્મચારી XAIના સભ્યો છે.

⇒ XAI એ ઓપનAI, ગૂગલ અને એન્થ્રોપિક જેવી કંપનીના પ્રતિસ્પર્ધી તરીકે કાર્ય કરશે.

⇒ મસ્કે 'સભ્યતાના વિનાશ' માટે AIની ક્ષમતા બાબતે ચિંતા વ્યક્ત કરી છે અને ટ્રુથGPT લોન્ચ કરવાના પ્રયાસોમાં છે.

[*] PM મોદી ફ્રાંસની બેસ્ટિલે દિવસની પરેડના મુખ્ય અતિથિ બન્યા.

→ પ્રધાનમંત્રી મોદી ફ્રાંસના રાષ્ટ્રપતિ ઈમેન્યુલ મૈક્રોન સાથે મુલાકાત કરશે અને બેસ્ટિલ પરેડમાં ભાગ લેશે.

→ આ પરેડમાં ભારતની ત્રણેય સેનાની ટીમ ભાગ લેશે.

→ વર્ષ 2023 ભારત-ફ્રાંસની રણનીતિક સંબંધની 25મી વર્ષગાંઠ ઉજવશે.

• બેસ્ટિલ દિવસ પરેડ •

→ આ દિવસ દર વર્ષે 14 જુલાઈએ પેરિસ ખાતે ઉજવાય છે.

→ આ દિવસને ફેટ નેશનલ ફ્રેન્કાઈઝ નામ પણ અપાય છે. જે ફ્રાંસીસી ક્રાંતિનું પ્રતીક છે.

→ પ્રથમવાર આ પરેડ 1780માં આયોજિત થઈ હતી. આ તે દુનિયાની સૌથી જૂની નિયમિત સૈન્ય પરેડમાંની એક છે.

GPSC, PSI, તલાટી, કલર્ક, TAT, TET, HTAT, કોન્સ્ટેબલ, MPHW

UP TO 40% OFF

ઓફર માર્યાદિત સમય માટે જ. વહેલા તે પહેલા ...




• ઓર્ડર કરવા Crack GPSC એપ ડાઉનલોડ કરો.
• BOOKS વિભાગમાં જઈ, BOOK સિલેક્ટ કરી BUY NOW પર ક્લિક કરો.
• 4 થી 7 દિવસમાં આપને કુરિયર મળી જશે. કુરિયર સર્વિસ FREE

Crack G GPSC

HELP માટે WhatsApp/call કરો. 7990832358

## એક એપ, બધી પરીક્ષાઓ

કોઈ પણ સ્પર્ધાત્મક પરીક્ષાની તૈયારી આટલી સરળ ક્યારેય નહોતી...

# સરકારી નોકરીની તૈયારી કરો

ડાઉનલોડ કરો ગુજરાતની નં. 1 એપ

# CRACK GPSC

## UPSC - GPSC - PI - PSI - RFO

Dy. SO/નાયબ મામ. | ક્લાર્ક | તલાટી | કોન્સ્ટેબલ

TAT | TET | HTAT






- ક્લાસ 1, 2 અધિકારી બનવાનું કે સરકારી નોકરી મેળવવાનું સ્વપ્ન કરો સાકાર.
- ડાઉનલોડ કરો Crack GPSC એપ અને તૈયારી કરો ગમે ત્યારે, ગમે ત્યાંથી

અનુભવી અને સફળ ફેકલ્ટીઝ સાથે ઓછા સમયમાં સચોટ તૈયારી એટલે Crack GPSC

વધુ વિગત માટે સંપર્ક કરો. 7600051070

# અમારાં મહત્વનાં પુસ્તકો - આજે જ વસાવો




ડાઉનલોડ કરો ગુજરાતની નં. 1 એપ

**CRACK GPSC**

**UPSC - GPSC - PI - PSI - RFO**

**Dy. SO/નાય. | કલર્ક | તલાટી | કોન્સ્ટેબલ**

TAT | TET | HTAT

**એક એપ, બધી પરીક્ષાઓ**



ઓર્ડર કરવા Crack GPSC એપમાં BOOKS વિભાગ વિઝિટ કરો. એમેઝોન પર પણ ઉપલબ્ધ.